RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 163* Date: 11.04.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### અમદાવાદથી ૨૦ નવા ધન્વંતરી આરોગ્ય રથના લોકાર્પણ

# 'સરકારની લોકડાઉન લાગુ કરવાની વિચારણા નથી, સ્વયંભૂ બંધ આવકાર્ય' -રૂપાણી

ગાંધીનગર, તા.૧૦

CM રૂપાણીરૂપાણીએ અમદાવાદથી ૨૦ નવા ધન્વંતરી આરોગ્ય રથના લોકાર્પણ વેળાએ જણાવ્યું છે કે, રાજ્યમાં ધનવંતરી આરોગ્ય રથ થકી કોરોના દર્દીઓનું અર્લી ડિટેકશન કરી તેઓને સમયસર યોગ્ય સારવાર આપી રાજયમાં મૃત્યુ દર ઘટાડવાનો સરકારનો હેતુ છે. કોરોનાના દર્દીઓને સંક્રમણની થતાં જ સારવાર શરૂ કરી શકાય તે માટે રાજ્ય સરકારે લીધેલા પગલાઓ પૈકી આજે પ્રસ્થાન કરાયેલા ધન્વંતરી આરોગ્ય રથ રાજયના વિવિધ જિલ્લાઓમાં ફરીને દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં ઉમેરો કરશે તેમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક ધન્વંતરી રથ પાંચ આરોગ્ય કર્મીઓ, જી.પી.એસ. સિસ્ટમ, લેપટોપ અને ઈન્ટરનેટ કનેકટીવિટી ધરાવે છે જેના પગલે આરોગ્ય રથ આરોગ્ય વિભાગને સેન્ટ્રલાઈઝ ડેટા ઉપલબ્ધ કરાવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આરોગ્ય રથના પ્રસ્થાન બાદ ઝસ રૂપાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ગુજરાત સહિત દેશભરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. તેવા સમયે રાજય સરકાર આરોગ્ય સુવિધાઓને વધારવા અને સુદ્રઢ કરવા માટે કટિબદ્ધ છે. જે અંતર્ગત સરકારે છેલ્લા આઠ દિવસમાં રાજયમાં ૧૫૦૦૦ બેડ, ૩૧૦૦ ઈન્ટેન્સિવ કેર યુનિટ, ૬૭૦૦ ઓક્સિજન સાથેના બેડ અને ૯૬૫ વેન્ટિલેટર ઉમેર્યા છે.

CM રૂપાણીએ કહ્યું કે, ચાર મહાનગરોમાં સંક્રમણ વધુ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે લોકો અનાવશ્યક કારણોથી ઘરની બહાર ન નીકળે અને નિયમોનું પાલન કરે તે જરૂરી છે. સરકારે માસ્ક પહેરવાના નિયમોની કડક અમલવારી માટેના નિર્દેશ આપ્યા છે.

CM રૂપાણીએ વડાપ્રધાન મોદીની દેશના વિભિન્ન રાજ્યોના ઝસ રૂપાણી સાથેની ગત બેઠકનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ગુજરાત રાજયમાં અન્ય રાજ્યોની સાપેક્ષે રેમ્ડેસિવર ઈન્જેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

તેમણે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારે કોરોનાકાળમાં કોવિડ દર્દી અને મૃત્યુના આંકડા ક્યારેય પણ છુપાવ્યા નથી. સરકાર યથાસ્થિતિ આંકડા સૌ સમક્ષ મૂકવામાં માને છે.

કોરોનાને કારણે થતા મૃત્યુની ગણતરીમાં આઇ.સી.એમ.આર.ની માર્ગદર્શિકાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, કોમોર્બિડ દર્દીના મૃત્યુનું પ્રાઈમરી અને સેકન્ડરી કારણ ધ્યાને લઇ માર્ગદર્શિકા મુજબ મૃત્યુનું મુખ્ય કારણ નિર્ધારિત કરવામાં આવે છે. સરકાર દ્વારા કોરોના સંક્રમણની જે વિગતો રજીસ્ટર થાય છે તે જ વિગતો જનતા અને મીડિયા સમક્ષ મૂકવામાં આવે છે તેમ તેઓએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે CM રૂપાણીએ ભારપૂર્વક પુનરોચ્ચાર કર્યો કે , રાજ્ય સરકારનો લોકડાઉન લાગુ કરવાનો કોઈ જ વિચાર નથી અને આપણે લોકડાઉનની દિશામાં જઈ પણ રહ્યા નથી. રાજ્યના કેટલાક ગામડા-નગરોમાં લોકો અને વ્યાપારી સંગઠનો સ્થાનિક પરિસ્થિતિને આધારે સ્વયંભૂ બંધ પાળે છે તે આવકારદાયક છે.

CM રૂપાણીએ વધુમાં કહ્યું કે, ૫૨ મિલિયન વેક્સિનેશનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. હાલમાં જ ગુજરાતને બીજા પંદર લાખ ડોઝ મળ્યા છે અને આગામી રાષ્ટ્રવ્યાપી રસીકરણ કાર્યક્રમ માટે બીજા ડોઝ પણ મળશે તેમ ઉમેર્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ૨૦ નવા ધન્વંતરી આરોગ્ય રથ અમદાવાદના બોપલ, બાવળા, ચાંદખેડા, ગાંધીનગર શહેર,



સુરતના કડોદરા અને કિમ, વડોદરાના ફતેગંજ અને શહેર,ગોંડલ, રાજકોટ, દાહોદ, પોરબંદર, અમરેલી, છોટાઉદેપુર, મહીસાગર, અરવલ્લી, દેવભૂમિ દ્વારકા, બોટાદ, સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લામાં સેવા આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૩૪ ધન્વંતરી આરોગ્ય રથ થકી કોરોના કાળમાં ૨,૯૪,૫૨૫ વ્યક્તિને આરોગ્ય રથનો લાભ પ્રાપ્ત થયો છે. નવા ૨૦ આરોગ્ય રથ ઉમેરાતા રાજ્યમાં આરોગ્ય રથની સંખ્યા ૫૪ થઈ છે.

## બંગાળ ચૂંટણીઃ કૂચબિહારમાં હિંસા, ૪ ટીએમસી કાર્યકર્તાઓના મોત

કૂચબિહાર,તા.૧૦

પશ્ચિમ બંગાળમાં મતદાન દરમિયાન હિંસાના સમાચાર આવી રહ્યા છે. કથિત રીતે સીએપીએફના જવાનોની ઓપન ફાયરિંગમાં કૂચબિહારમાં ૪ લોકોના મોત થયા છે. ટીએમસી અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે અથડામણ થઇ ત્યારબાદ સીએપીફના જવાનોએ ઓપન ફાયરિંગ કર્યું. આ ઘટનામાં મૃત્યું પામેલા તમામ લોકો ટીએમસીના કાર્યકર્તા છે.

આ પહેલાં બંગાળના કૂચબિહાર જિલ્લામાં એક મતદાન કેંદ્રની બહાર અજાણ્યા લોકોએ શનિવારે પહેલીવાર મતદાન કરવા આવેલા એક યુવકની ગોળી મારી હત્યા કરી છે. પોલીસે આ જાણકારી આપી છે. તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો, આ હત્યાની પાછળ ભાજપ છે જ્યારે ભાજપનો દાવો છે કે પીડિત યુવક મતદાન કેંદ્ર પર પોલિંગ એજન્ટ હતો અને તેના માટે રાજયમાં સત્તારૂઢ પાર્ટીને જવાબદાર ગણાવી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું, આનંદ બર્મન નામના યુવકને સિતાલ્કુચીના પઠાનતુલી વિસ્તારમાં બૂથ નંબર ૮૫ ની બહાર ઢસેડી લાવવામાં આવ્યો અને ગોળી મારી હત્યા કરવામાં આવી. ઘટનાના સમયે મતદાન ચાલી રહ્યું હતું. તેમણે જણાવ્યું, આ ઘટના બાદ તૃણમૂલ અને ભાજપ સમર્થકો વચ્ચે અથડામણ થઇ ગઇ અને મતદાન કેંદ્રની બહાર બોમ્બ ફેંકવાના કારણે ઘણા લોકો ઘાયલ થયા છે. કેંદ્રીય બળોને સ્થિતિને કાબૂ કરવા માટે લાઠીચાર્જ કરવો પડ્યો.

એક ચૂંટણી અધિકારીએ કહ્યું, 'અમને સૂચના મળી છે કે કૂચબિહાર જિલ્લામાં એક મતદાન કેંદ્રની બહાર એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી. અમે નિરિક્ષકને જલદી રિપોર્ટ આપવા માટે કહ્યું છે અને સ્થિતિ વિશે જાણકારી લીધી છે.

વિસ્તારમાં પોલીસ અને રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)ને તૈનાત કરવામાં આવી છે. સિતાલ્કુચી વિસ્તારમાં જ થોડા દિવસો પહેલાં ભાજપના પ્રદેશ પ્રમુખ અને સાંસદ દિલીપ ઘોષ પર હુમલો થયો હતો. તેમણે જણાવ્યું, હત્યાની પાછળ ભાજપના ગુંડા છે. તે ઘણા દિવસોથી આ અશાંતિ પેદા કરી રહ્યા છે કારણ કે ચૂંટણી હારી રહ્યા છે અને હવે તે લોકોની હત્યા કરી રહ્યા છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૫૦૧૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૪૨૦૨૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૪૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૫૨૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૧૨૨૫૧**

## દેશમાં કોરોના બન્યો બેફામઃ ૨૪ કલાકમાં રેકોર્ડ ૧.૪૪ લાખથી વધુ કેસ નોંધાયા

*ન્યુ દિલ્હી,તા.૧૦*

દેશમાં કોરોનાના કારણે સતત પરિસ્થિતિ ખૂબ જ ખરાબ બની રહી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ ૧ લાખ ૪૪ હજાર ૮૨૯ કેસ નોંધાયા છે. ગયા વર્ષે વાયરસનું સંક્રમણ શરૂ થયા પછીથી અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા આ દર્દીની સંખ્યા સૌથી વધુ છે. આ પહેલાં ગુરુવારે ૧.૩૧ લાખ કેસ નોંધાયા હતા.



એક્ટિવ કેસ એટલે કે જે દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે તેમની સંખ્યા પણ ખૂબ વધી છે. શુક્રવારે દેશભરમાં ૭૭ હજાર ૧૯૯ લોકો સાજા થયા હતા, જ્યારે ૭૭૩ દર્દીનાં મોત નીપજ્યાં હતાં. એવી રીતે એક્ટિવ કેસમાં ૬૬ હજાર ૭૬૦નો વધારો થયો છે. દેશમાં હવે ૧૦ લાખ ૪૦ હજાર ૯૯૩ દર્દી સારવાર લઈ રહ્યા છે. આ આંકડો કોરોનાના પાછલા તબક્કાની પીક કરતાં ઘણા વધારે પહોંચ્યો છે. ગત વર્ષે ૧૭ સપ્ટેમ્બર સંક્રમણનો પીક દિવસ હતો. આ દિવસે દેશમાં સૌથી વધુ ૧૦.૧૭ લાખ એક્ટિવ કેસ હતા. ત્યાર બાદ આ આંકડા ઘટવા લાગ્યા હતા, પરંતુ હવે ફરીથી પરિસ્થિતિ ભયજનક બની રહી છે.

રિકવરી રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. એક જ દિવસમાં એ ૯૧.૭૬%થી ઘટીને ૯૦.૮% થઈ ગયો. છેલ્લાં ત્રણ અઠવાડિયામાં એમાં આશરે ૮%નો ઘટાડો નોંધાયો છે. છટ્ટીસગઢમાં સૌથી નીચો ૮૦.૫% અને મહારાષ્ટ્રમાં ૮૨% દર્દીઓ સ્વસ્થ થયા છે. અહીં એક્ટિવ રેટ ખૂબ વધુ છે. છત્તીસગઢમાં હાલમાં ૧૮.૪% છે અને મહારાષ્ટ્ર ૧૬.૩% એક્ટિવ રેટ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત કોરોના પોઝિટિવ બન્યા છે. તેમને નાગપુરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગયા સોમવારે ભાગવત હરિદ્વાર ગયા હતા, જ્યાં તેમણે કુંભમેળામાં ભાગ લીધો હતો. તેમણે ગંગામાં ડૂબકી પણ લગાવી હતી. દેશમાં અત્યારસુધીમાં ૧ કરોડ ૩૨ લાખ ૨ હજારથી વધુ લોકોને આ સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૧ કરોડ ૧૯ લાખ ૮૭ હજાર લોકો સાજા થયા છે, જ્યારે ૧ લાખ ૬૮ હજાર ૪૬૭ દર્દી મૃત્યુ પામ્યા છે. ૧૦ લાખ ૪૦ હજાર ૯૯૩ દર્દી સારવાર લઈ રહ્યા છે. અત્યારસુધીમાં ૯ કરોડ ૫૦ લાખથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી છે.

## નાગપુરની કોવિડ હોસ્પિટલમાં ભીષણ આગ, ૩નાં મોત

નાગપુર,તા.૧૦

શહેરની ખાનગી કોવિડ હોસ્પિટલમાં શુક્રવારે રાત્રે આગ લાગતાં ૩ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ ઉપરાંત, કેટલાક લોકો ઘાયલ થયાં હતાં. એક અધિકારીએ જણાવ્યું હતું કે, શહેરની એક હોસ્પિટલમાં રાત્રે ૮.૧૦ વાગ્યે આગ ભભૂકી ઉઠી હતી. નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન (એમએનસી)ના મુખ્ય ફાયર ઓફિસર રાજેન્દ્ર ઉચકેએ જણાવ્યું, હોસ્પિટલના બીજા માળે આવેલા ઁઝેના છઝ યુનિટથી આગની શરૂઆત થઈ હતી. તેમણે કહ્યું, આ ઘટનામાં ૩ લોકોનાં મોત નીપજ્યાં અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. આગને કાબૂમાં લેવા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઉચકેએ જણાવ્યું હતું કે, આગના સમયે બીજા માળે ૧૦ દર્દીઓ હતા. આગ લાગવાથી ૬ દર્દીઓ જાતે જ નીકળી ગયા હતા. જ્યારે, ૩ દર્દીઓને ફાયર બ્રિગેડની ટીમે બચાવ્યાં હતા.

નાગપુરના વાડી વિસ્તારમાં આવેલી વેલ ટ્રીટ હોસ્પિટલને કોવિડ સેન્ટર બનાવવામાં આવી છે. શુક્રવારે, રાત્રે ૮.૧૦ વાગ્યાની આસપાસ હોસ્પિટલના ૨જા માળે ઁઝેના છઝ યુનિટમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. આ આગમાં ઘણા દર્દીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ આગમાં ૩ દર્દીઓના મોત થયા હતા. આ દરમિયાન, હોસ્પિટલમાં દોડધામ મચી ગઈ હતી. માહિતી મળતા જ ફાયરમેન અને પોલીસ ટીમો દોડી આવી હતી અને દર્દીઓને બીજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હોસ્પિટલમાં આગને કારણે થયેલા લોકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું હતું. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કર્યું હતું કે, 'નાગપુરની હોસ્પિટલમાં લાગેલી આગથી હું દુઃખી છું. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓના સબંધીઓ સાથે મારી સંવેદના છે.

## અમેરિકાના પ્રમુખ બાઈડેન ફરીથી વિવાદોમાં સપડાયા, દિકરા હંટરના રંગીન મિજાજનો થયો ઘટસ્ફોટ

વૉશિંગટન,તા.૧૦

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના દિકરા હંટર બાઈડનના ઈલેઈલ લીક થઈ ગયા છે. જેમાં સનસનાટીપૂર્ણ ખુલાસા થયા છે. દાવો કરવામાં આવ્યો છે કે, હંટર બાઈડને લાખો ડોલર વેશ્યાઓ, ડ્રગ્સ અને લક્ઝરી ગાડીઓ પર ખર્ચ કર્યા હતાં. તેને ડ્રગ્સ, દારૂ અને સેક્સની લત લાગી ગઈ હતી.

એટલુ જ નહીં હંટર બાઈડનના પિતા રાષ્ટ્રપતિ હોવા છતાંયે હંટરને ટેક્સ ચોરીના કેસમાં જેલમાં જવાનો ડર લાગતો હતો. ડેઈલી મેલે હંટરના લેપટોપ પરથી એક્સપર્ટ દ્વારા ૧૦૩,૦૦૦ ટેક્સ મેસેજ, ૧૫૪,૦૦૦ ઈમેઈલ, ૨૦૦૦થી વધારે તસવીરો મેળવી હતી અને અનેક મહત્વના ખુલાસા થયા છે.

અમેરિકાના પ્રમુખ જો બાઈડેનનો પરિવાર ફરીથી વિવાદોમાં સપડાયો છે. જો બાઈડેનનો દીકરા હંટર બાઈડેનને ડ્રગ્સ અને સેક્સની લત હોવાનો ખુલાસો મીડિયા અહેવાલોમાં થયો હતો. એટલું જ નહીં, અસંખ્ય મેસેજ-વીડિયો-ફોટોઝ લીક થયા હતા. અમેરિકાના પ્રમુખ જો બાઈડેનના પરિવારની લાઈફસ્ટાઈલ વિવાદોમાં ઘેરાતી રહી છે. અગાઉ જો બાઈડેનની દીકરી એશ્લેને ડ્રગ્સનું વ્યસન હોવાનો ઘટસ્ફોટ થયો હતો. ૧૯૯૯માં એશ્લેની નશીલા પદાર્થો સાથે ધરપકડ પણ થઈ હતી. ત્યાર બાદ એશ્લેની ડ્રગ્સની લત અંગે વારંવાર આરોપ લાગતો રહે છે.

એશ્લે બાદ જો બાઈડેનનો ૫૧ વર્ષનો દીકરો હંટર બાઈડેન વિવાદમાં ઘેરાયો છે. હંટરના મેસેજ-વીડિયોઝ અને ફોટોઝ લીક થયા છે. લગભગ ૨૦૦૦ જેટલાં ફોટો-વીડિયોના આધારે દાવો કરવામાં આવી રહ્યો છે કે, હંટર બાઈડેન ડ્રગ્સ અને સેક્સ એડિક્ટેડ છે. હંટર બાઈડેનના ઘણાં ફોટોઝ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, જેમાં તે મહિલાઓ સાથે અર્ધનગ્ન સ્થિતિમાં જોવા મળે છે. શારીરિક સંબંધ બનાવતી વખતે હંટર પોતાના અને મહિલાઓના સંબંધોનો વીડિયો બનાવે છે એવો પણ દાવો અહેવાલોમાં થયો હતો.

હંટરે મહિલાના વાળ પકડયા હોય એવો ફોટો વાયરલ થયો હતો. બે ટોપલેસ મહિલાઓ સાથેની હંટરની તસવીરો પણ લીક થઈ છે. થોડા વર્ષો પહેલાં હંટરે ઓટોબાયોગ્રાફી લખી હતી, જેમાં તેના ડ્રગ્સ, દારુ અને શારીરિક સંબંધો બાબતે એકરાર કર્યો હતો.

## બંગાળમાં 'દીદી' અને ટીએમસીની મનમાની ચાલવા દઇશું નહીઃ પીએમ મોદી

સિલીગુડી,તા.૧૦

પશ્ચિમ બંગાળમાં ચોથા તબક્કાના મતદાન વચ્ચે ૫મા તબક્કાનો પ્રચાર ચાલી રહ્યો છે. આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ સિલીગુડીમાં ભાજપની ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા છે. પીએમએ પોતાની જનસભામાં મમતા બેનર્જી અને સત્તારૂઢ ટીએમસી પર હુમલો કરતાં કહ્યું, બંગાળમાં 'દીદી' અને ટીએમસીની મનમાની ચાલવા દઈશું નહી. પ્રધાનમંત્રીએ કહ્યું, ૨ મેના રોજ બંગાળમાં ભાજપની સરકાર આવી રહી છે ત્યારબાદ પ્રદેશને કટમની સાથે મુક્ત કરાવવામાં આવશે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું- 'તુષ્ટિકરણના રાજકારણએ બંગાળને બરબાદ કરી દીધું છે. દીદીના લોકો અને ટીએમસીના ગુંડા જનતાને ધમકાવી રહ્યા છે. એટલા માટે તેમને સમજાવવા જોઇએ કે દીદી બંગાળની ભાગ્યવિધાતા નથી. હારના કારણે દીદીના ગુંડા ગભરાઇ ગયા છે. દીદીના ૧૦ વર્ષના રાજની આ જ સચ્ચાઇ છે. એટલા માટે અમે વાયદો કરીએ છીએ કે તોલાબાજ અને કટમની મુક્ત સરકાર આપીશું.

પ્રધાનમંત્રીએ પોતાના ભાષણની શરૂઆત પોતાને ચાવાળા ગણાવતાં કરી હતી. જનસભામાં પીએમ મોદીએ એ પણ કહ્યું કે 'દીદીને મારા પર ગુસ્સો આવી રહ્યો છે. દીદીએ ગરીબો, દલિતોની સાથે અન્યાય કર્યો છે. દીદીને પોતાના કામનો હિસાબ આપવો જોઈએ. એટલે હવે બંગાળને બદલવાનો સમય આવી ગયો છે.' પશ્ચિમ બંગળના કૂચબિહાર જિલ્લામાં શનિવારે સ્થાનિક લોકો દ્વારા હુમલો કર્યા બાદ સીઆઇએસએફએ કથિત રીતે ગોળીઓ ચલાવી જેમાં ચાર લોકોના મોત થયા છે. એવો આરોપ છે કે સ્થાનિક લોકોએ સીઆઇએસએફ જવાનોની રાઇફલ ઝૂંટવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસના એક અધિકારીએ જણાવ્યું, આ ઘટના સીતલકૂચીમાં થઇ જ્યારે મતદાન ચાલી રહ્યું હતું. એક ગામમાં પોતાની ઉપર હુમલો કર્યા બાદ સીઆઇએસએફ જવાનોની ગોળીબારીમાં ચાર લોકોના મોત થયા છે. ત્યાં હાથાપાઇ થઇ અને સ્થાનિક લોકોએ તેમનો ઘેરાવો કરી દીધો અને તેમની રાઇફલો ઝૂંટવવાના પ્રયત્ન બાદ કેંદ્રીય બળોએ ગોળીઓ ચલાવી.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાની રસી લેતા પહેલા અને બાદમાં શું ખાશો અને શાની પરેજી રાખશો?

**જે રીતે કોરોનાની બીજી લહેરનો પ્રકોપ જોવા મળી રહ્યો છે તે જ રીતે સમગ્ર દેશમાં રસીકરણ અભિયાન પણ ચાલી રહ્યું છે. લોકો લાઇન લગાવીને કોરોના રસી લઈ રહ્યા છે. જોકે લોકો રસીને લીધે થનારી સાઇડ ઇફેક્ટને લઈને ચિંતિત છે અને ઇચ્છે છે કે રસી લીધા બાદ તેઓ સુરક્ષિત રહે અને કોઈપણ અન્ય બીમારીમાં ન સપડાય. નિષ્ણાંતોનું કહેવું છે કે રસી લીધા બાદ વધારે સાઇડ ઇફેક્ટ ન થાય તેના માટે યોગ્ય આહાર મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. આમ તો લોકો અનેક સલાહ આપતા હોય છે. કેટલાક લોકો કહેશે કે રસી લેથા પહેલા ન્યૂટ્રિશિયસ આહાર લેવો જોઈ. કેટલાક કહે છે કે પાણી ન પીવું જોઈએ. જોકે નિષ્ણાંતોનો મત અલગ છે. જાણો નિષ્ણાંતોનું શું કહેવું છે.....**

**નિષ્ણાંતોનું માને તો શરીરમાં પાણીની માત્રા સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. જ્યારે રસી લેવા જાવ તો ખૂબ પાણી પીવું અને વધારે પાણીવાળા ફળ ખાવા. તેનાથી રસી લીધા બાદ થનાર સાઇડ ઇફેક્ટની અસર ખૂબ જ ઘટી જશે.**

**રસી લધા બાદ કેટલીક સામાન્ય સાઇડ ઇફેક્ટ જોવા મળી છે. મોટેભાગે લોકોમાં કોઈપણ સાઇડ ઈફેક્ટ ન હતી. જોકે રસી લેતા સમયે શરીરમાં પાણી પૂરતું હોવું જોઈએ પરંતુ જ્યારે આલ્કોહોલ લેવામાં આવે તો તેનાથી ડિહાઈડ્રેશનની સમસ્યા થઈ શકે છે. આ સ્થિતિમાં સાઇડ ઈફેક્ટની શક્યતા વધી જાય છે. માટે આલ્કોહોલ બિલકુલ પણ ન લેવું.**

**બ્રિટિશ જર્નલ ઓફ ન્યૂટ્રિશન અનુસાર મહામારીના આ સમયમાં શુદ્ધ અનાજ આહારમાં લેવું જોઈએ. રસી લેતા પહેલા પ્રોસેસ્ડ ફૂડનું સેવન ન કરવું. તેના કરતાં સારું રહેશે કે એવો આહાર લેવો જેમાં ફાયબર વધારે માત્રામાં હોય. આ દેશી અનાજમાં વધારે મળે છે. ઉપરાંત સુગરયુક્ત વસ્તુનું સેવન પણ ન કરવું જોઈએ.**

**રસી લીધા બાદ અનેક જગ્યાએ લોકો બેભાન થવાની ફરિયાદ આવતી રહી છે. તેના માટે જ રૂરી છે કે રસી લેતા પહેલા સંતુલિત આહાર લેવામાં આવે. સેન્ટર ફોર ડિઝિસ કન્ટ્રોલ એન્ડ પ્રીવેંશન અનુસાર રસી લેતા પહેલા પૂરતું પાણી, સંતુલિત આહાર અને સ્નેક્સ લેવાથી રસીની સાઇડ ઇફેક્ટની ચિંતા દૂર થઈ શકે છે.**

# સુરતમાં ખાનગી હોસ્પિટલને આપવા રેમડેસિવિર નથી ને ભાજપે ૧૦૦૦ વિતરણ શરૂ કર્યું

સુરત, તા.૧૦

રાજકીય પાર્ટી રાજકારણ ખેલવામાં કેટલી હદે જઈ શકે છે એનો પુરાવો સુરતના ઉધનામાં આવેલા ભાજપ કાર્યાલય ખાતે જોવા મળ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા ખાનગી હોસ્પિટલમાં રેમડેસિવિર ઈન્જેક્શન ફાળવવામાં આવશે નહીં એવી જાહેરાત કરી છે, જ્યારે બીજી તરફ ભાજપે ૧૦૦૦ ઈન્જેક્શન લોકોને આપવાની જાહેરાત કરી અને ઉધના કાર્યાલય ખાતે વિતરણ શરૂ કર્યું છે. જો ખાનગી હોસ્પિટલો અને જિલ્લા કલેક્ટર તરફથી ફાળવવા માટે ઈન્જેક્શન ન હોય તો ભારતીય જનતા પાર્ટી પાસે ઈન્જેક્શન ક્યાંથી આવ્યાં એ એક મોટો પ્રશ્ન છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર, પાટીલ દ્વારા ઉધના ભાજપ કાર્યાલય ખાતેથી ૧૦૦૦ જેટલાં ઈન્જેક્શનો દર્દીને આપવા માટેની જાહેરાત કરતાંની સાથે જ મોટી સંખ્યામાં લોકો ભાજપ કાર્યાલય ખાતે ઈન્જેક્શન લેવા માટે ઊમટી પડ્યા છે. લોકો પોતાના સંબંધી કે જે હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા છે તેમના માટે ઈન્જેક્શન લેવા માટે પહોંચી ગયા છે. જોકે સૌથી મહત્ત્વની વાત એ છે કે ભાજપ પાસે આ ઈન્જેક્શનો કેવી રીતે આવ્યાં છે. ઈન્જેક્શનનો આટલો મોટો જથ્થો ભારતીય જનતા પાર્ટીએ કોની પાસેથી મગાવ્યો છે અને કોણે ફાળવ્યાં છે એ તપાસનો વિષય બની જાય છે.

ભાજપ ઈન્જેક્શન લઈને રાજકારણ રમતો હોય એવું જણાઈ રહ્યું છે. કલેક્ટર પોતે ઈન્જેક્શનો પૂરતો જથ્થો વહીવટી તંત્ર પાસે ન હોવાનું સત્તાવાર રીતે જણાવતા હોય ત્યારે ભાજપના નેતાઓ પાસે આટલા મોટા પ્રમાણમાં ઈન્જેક્શનો કેવી રીતે આવ્યાં છે, એને લઈને શહેરમાં અનેક તર્ક-વિતર્કો થઈ રહ્યા છે. શું ભાજપના નેતાઓ માત્ર રાજકારણ ખેલવા માટે જરૂરિયાતમંદ દર્દીના સંબંધીઓને પોતાના કાર્યાલય સુધી લાવી રહ્યા છે. આજે મહદંશે કોરોનાગ્રસ્ત દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂરિયાત છે. ત્યારે લોકોની જરૂરિયાત અને લાચારીનો લાભ લેતા હોય તેમ ભાજપના નેતાઓ ભાજપ કાર્યાલય પર બોલાવીને ઈન્જેક્શન આપી રહ્યા છે.

રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષો કેટલી હદે રાજકારણ રમવામાં નીચે ઊતરી શકે છે અને લોકોની જરૂરિયાતનો કેવી રીતે લાભ ઉઠાવી શકે છે એ અહીં જોવા મળી રહ્યું છે. હોસ્પિટલમાં જે ઈન્જેક્શનો પૂરતા પ્રમાણમાં હોવાં જોઈએ એ હોસ્પિટલમાં ન હોવાને બદલે ભાજપ કાર્યાલયમાં પહોંચી ગયાં છે.

જિલ્લા કલેક્ટર ધવલ પટેલે પહેલાં નિવેદન આપ્યું કે તમામ ખાનગી હોસ્પિટલના દર્દીઓને ઈન્જેક્શન ફાળવવામાં આવશે અને બીજે જ દિવસે તેમણે લેખિતમાં જણાવ્યું કે ઈન્જેક્શનો પૂરતો જથ્થો ન હોવાને કારણે ખાનગી હોસ્પિટલને હવે અમારા તરફથી ઈન્જેક્શન નહીં મળશે, જે ખરેખર દુઃખદ બાબત છે. જિલ્લા કલેક્ટર કોના દરબારમાં પોતાના નિર્ણય પરથી આ રીતે એકાએક ફરી ગયા છે, એને લઈને લોકો ચર્ચા કરી રહ્યા છે. જિલ્લા કલેક્ટર ડો.ધવલ પટેલ પણ રાજકીય નેતાઓના ઈશારે નિર્ણય લેતા હોય તેવું લાગે છે.

વિરોધ પક્ષના નેતા ધર્મેશ ભંડેરીએ સીધો આક્ષેપ કર્યો કે જે ઈન્જેક્શનો વહીવટી તંત્ર દ્વારા સરકારી અને ખાનગી હોસ્પિટલને ફાળવવા જોઈતા હતા એને બદલે હવે જાણે વહીવટી તંત્રનું કામ પણ રાજકીય લાભ લેવા માટે ભારતીય જનતા પાર્ટી કરી રહી છે. ઈન્જેક્શનનો આટલો મોટો જથ્થો વહીવટી તંત્ર પાસે ન હોય અને ભાજપ કાર્યાલય પર પહોંચી જાય તો સ્વાભાવિક રીતે જ આખી પ્રક્રિયા શંકાના દાયરામાં આવી રહી છે. ભાજપ જે રાજકીય ખેલ ખેલી રહ્યું છે એ ખૂબ જ દુઃખદ છે. આવા સમયે પણ રાજકીય લાભ લેવા માટે ભારતીય જનતા પાર્ટી આવા દાવપેચ કરી રહી છે.અને જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ પણ તેમના ઈશારે કામ કરી રહ્યા છે.

# મૃત્યુના આંકડા મુદ્દે મુખ્યમંત્રીનો ખુલાસો, કોમોર્બિટને કારણે થતા મૃત્યુને અમે ગણતા નથી



ગાંધીનગર, તા.૧૦

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ધન્વંતરી રથનું લોકાર્પણ કરાયું છે. રાજ્ય મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા યોજના અમલમાં ૨૨ જિલ્લામાં હયાત ૩૪ રથમાં વધુ ૨૦ રથ ઉમેરવામાં આવ્યા છે. આ પ્રસંગે મીડિયાને સંબંધોનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોનાથી થતા મોત મામલે જે સ્પષ્ટતા કરી તે વાત ગળેથી ઉતરે તેમ નથી. સરકારી ચોપડે રોજ ૪૦ થી ૫૦ જેટલા મોતના આંકડા સમગ્ર ગુજરાતમાં બતાવવામાં આવે છે. પરંતુ સ્મશાનોમાં સળગી રહેલી ચિતાઓ અને કોરોના ગાઈડલાઈનથી થતા અંતિમ સંસ્કાર કંઈક અલગ જ વાત સૂચવે છે.

ત્યારે આ મામલે મુખ્યમંત્રીએ કહ્યું કે, એક વર્ષથી કોરોનાથી મૃત્યુના આંકડાના અંગે વિસંગતતા અને ચર્ચા ચાલે છે. અમને આંકડા છુપાવવાનુ કારણ કોઈ નથી. આંકડા છુપાવીને અમને કોઈ લાભ નથી. કોરોનાથી અમારા રજિસ્ટ્રેશનમાં થાય છે તે બતાવીએ છીએ. મૃત્યુમાં પ્રાઈમરી કારણ અને સેકન્ડરી કારણ જોવામાં આવે છે. કોમોર્બિટને કારણે થતા મૃત્યુને અમે ગણતા નથી. એનાલિસીસી કમિટી પ્રાઈમરી અને સેકન્ડરી કારણ આપે છે. બીજા કોઈ કારણોસર મૃત્યુ થયુ હોય તો તે મૃત્યુને કોરોનામાં ગણાતા નથી. આઈસીએમઆરનું ગાઈડલાઈન મુજબ, મૃત્યુના એનાલિસીસ બાદ આંકડો આપવામાં આવે છે.

બીજુ એ કે, સિવિલમાં જેટલા લોકો મૃત્યુ પામે છે તેમને બ્લ્યૂ કવર કરીને સ્મશાનમં મોકલીએ છીએ. સ્મશાનમાં બધુ બ્લ્યૂ આવે છે તેને કેરોના સમજીને અંતિમસંસ્કાર કરાય છે. તેથી આ કન્ફયૂઝન થાય છે. બાકી કોઈ કારણ નથી.

# રેમડેસિવીરની વ્યવસ્થા પાટીલે કેવી રીતે કરી એ તો એમને જ પૂછો -વિજય રૂપાણી

અમદાવાદ, તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ધન્વંતરી રથનું લોકાર્પણ કરાયું છે. રાજ્ય મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા યોજના અમલમાં ૨૨ જિલ્લામાં હયાત ૩૪ રથમાં વધુ ૨૦ રથ ઉમેરવામાં આવ્યા છે. ત્યારે આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીને સુરતમાં ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે ઉપલબ્ધ કરાવાયેલા રેમડેસિવીર ઈન્જેકશન અંગે પૂછતા તેમણે કહ્યું હતું કે, ૫૦૦૦ ઈન્જેકશન (remdesivir injection) ની વ્યવસ્થા સીઆર પાટીલે કેવી રીતે કરી એ તેમને જ પૂછો. સરકારમાંથી એકપણ ઈન્જેકશન સીઆર કે ભાજપને નથી આપવામા આવ્યા. સરકાર કોઈપણ ખાનગી વ્યક્તિને સીધા ઈન્જેકશન નથી આપતી, અને આપવાની પણ નથી. સરકારે મંજૂરી આપેલી ખાનગી-સરકારી હોસ્પિટલને વ્યવસ્થા મુજબ ઈન્જેકશન આપવામા આવે છે. લોકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે એ મુજબ દરેક નિર્ણય કરવામાં આવે છે. સુરતમાં ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલે લોકો માટે રેમડેસિવીર ઈન્જેક્શન ઉપલબ્ધ કરાવાયા, તે અંગે સવાલ પૂછતા મુખ્યમંત્રીએ એવુ કહ્યુ કે, એ તો સીઆર ને ખબર, સીઆરને પૂછો. પરંતુ સીઆર પાટીલે પોતે સુરતની ચિંતા કરીને ૫૦૦૦ રેમડેસિવીરની કેવી રીતે વ્યવસ્થા કરી તે પૂછશો તો જવાબ મળશે. સરકારે અલગ વ્યવસ્થા કરી છે અને ભાજપે કરી તે અલગ છે. તેનો સરકારની વ્યવસ્થા સાથે કોઈ સંબંધ નથી. ટેન્ડરનો ભાવ અને ગુવાહાટીથી જે જથ્થો આવે છે તેના ભાવમાં ફેર છે. સરકાર ઉંચા ભાવે ખરીદી શકે તે મથી. અમે માટે એજન્સી તરીકે કિરણ હોસ્પિટલને મદદ કરી છે. એ હોસ્પિટલ કેવી રીતે અને

કોને આપે તેની સાથે સરકારને કંઈ લેવાદેવા નથી. સુરતને સતત ઈન્જેક્શનનો જથ્થો આપી રહ્યાં છે. કિરણ હોસ્પિટલને જે જથ્થો મળ્યો છે તે સરકારે આપેલો છે. આમ, મુખ્યમંત્રીની વાત પરથી સ્પષ્ટ દેખાય છે કે રેમડેસિવીર ઈન્જેકશન અંગે તેમના અને સીઆર પાટીલ વચ્ચે કોઈ તાલમેલ નથી. જ્યાં ઈન્જેક્શનનો જથ્થો ખૂટી રહ્યો છે, ત્યાં ભાજપ અધ્યક્ષ કેવી રીતે ઈન્જેક્શન લાવ્યા અને કેવી રીતે રાહત દરે ઈન્જેક્શનની વહેંચી રહ્યા છે તેનાથી તેઓ અજાણ હોવાનું જણાવ્યું.

તેમણે કહ્યું કે, સરકાર કોરોના પર કન્ટ્રોલ લાવવા કટિબદ્ધ છે. ગયા નવેમ્બરમાં કોરોના પિક પર હતો, તો ૧૮૦૦ થી વધુ કેસ ન હતા. હમણાં ૪૫૦૦ થી વધુ કેસ આવી રહ્યા છે. ૧૫૦૦૦ થી વધુ બેડ વધાર્યા છે, ૬૭૦૦ થી વધુ ઓક્સિજન બેડ વધાર્યા છે. લોકોને વિન્નતી કરું છે, શક્ય બને ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળો. માસ્ક ફરજિયાત પહેરો. વર્તમાન પરિસ્થિતિની ગંભીરતા લોકો સમજે. સરકારને માસ્કનો દંડ ઉઘરાવવામાં કોઈ જ રસ નથી. માસ્ક પહેરો, કોઈ દંડ નહિ થાય. હાઈકોર્ટના આદેશ બાદ માસ્ક મામલે કડક કાર્યવાહી કરવી પડી છે. રેમડેસીવીર ઈન્જેકશનની સતત માંગ છે. સરકાર પૂરો પુરવઠો આપી રહી છે. ૩ લાખ નવા ઈન્જેકશનનો ઓર્ડર આપ્યો છે. પણ કોરોનાના દરેક દર્દીને ઈન્જેકશન લેવાની જરૂર નથી. તેનો સ્ટોક કરવો પણ યોગ્ય નથી. નિષ્ણાત તબીબોના માર્ગદર્શન મુજબ કામગીરી થઈ રહી છે. ટેસ્ટીંગ ઉપર પણ બ ભાર મૂક્યો છે. મહત્તમ ટેસ્ટીંગ ના કારણે જ આજે લોકો સંક્રમિત હોવાનું સામે આવી રહ્યું છે.

## ગુજરાતમાં કોરોનાથી પ્રથમ આઇપીએસનું મોત, ડીઆઇજી મહેશ નાયકનું અવસાન

અમદાવાદ, તા.૧૦

કોરોનાકાળમાં ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફ સાથે પોલીસ ડિપાર્ટમેન્ટ પણ કોરોના વોરિયર્સની ભૂમિકા ભજવી રહ્યો છે. અને કોરોનાને કારણે અનેક પોલીસકર્મીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ત્યારે વડોદરા આર્મ્સ યુનિટમાં તહેનાત ડી.આઈ.જી. એમ.કે. નાયક (આઈપીએસ)નું કોરોનાથી સંક્રમિત થયા બાદ મોત નીપજ્યું હતું. નોંધનીય છે કે ગુજરાતમાં કોરોના સંક્રમણને કારણે IPS અધિકારીનું મોત થયાની આ પ્રથમ ઘટના છે.ઓગસ્ટ ૨૦૨૦માં સરકાર દ્વારા 58 IPS અધિકારીની બદલી કરવામાં આવી હતી, જેમાં એમ. કે. નાયક (IPS)ને વડોદરાના આર્મ્સ યુનિટમાં મૂકવામાં આવ્યા હતા. ત્યાર બાદથી તેઓ ત્યાં ફરજ બજાવી રહ્યા હતા. કોરોનાથી સંક્રમિત થતાં તેમની સારવાર શરૂ કરવામાં આવી હતી.

# બંગાળ ચૂંટણીઃ ભાજપના ઉમેદવારના કફલા પર થયો હુમલો, ગાડીઓના કાચ તૂટીયા

હુગલી,તા.૧૦

પ. બંગાળમાં ચોથા ચરણના મતદાનની વચ્ચે ભાજપના ઉમેદવાર લોકેટ ચટર્જીના કાફલા પર હુમલાની ઘટના સામે આવી છે. બંગાળમાં હુગલીમાં લોકેટ ચટર્જીની કાર પર પત્થરમારો કરાયો છે. તેમની કારના કાચ તૂટી ગયા છે. તેમની ગાડી ૬૬ નંબરના બુથ પર પહોંચી ત્યારે હમલો કરાયો હતો. તેઓ સુરક્ષિત છે.

જ્યારે લોકેટ ચટર્જીની કાર ૬૬ નંબરના બૂથ પર આવી ત્યારે તેઓએ આરોપ લગાવ્યો કે ટીએમસી વોટિંગમાં ગોટાળો કરે છે. આ સમયે જ્યારે તેઓ બૂથથી બહાર આવ્યા તો ટીએમસી સમર્થકોએ નારેબાજી શરૂ કરી. લોકેટ ચટર્જીનું કહેવું છે કે તેઓએ ટીએમસીની મહિલાઓને ખોટું વોટિંગ કરતા પકડ્યા હોવાના કારણે તેમની પર હુમલો કરાયો છે.

બૂથની બહારની ભીડને હટાવવા માટે સુરક્ષાદળે લાઠીચાર્જ કર્યો છે. લોકેટની ગાડીને કેટલાક લોકેએ ઘેરી લીધી હતી અને પછી સુરક્ષાદળોએ ભીડને હટાવી હતી. ચટર્જી હુગલીથી સાંસદ છે. ટીએમસીના આસિફ મજૂમદાર તેમની વિરોધમાં ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે આ હુમલા માટે ટીએમસીને જવાબદાર ગણાવ્યા છે. આ સમયે ટીએમસી કાર્યકરોએ મીડિયાની ગાડી પર પણ હુમલો કર્યો છે અને તેના કાચ તોડીને તેને પણ નુકસાન પહોંચાડ્યું છે.

# કોરોનાની ઐસી કિ તૈસી, વડોદરા સંગીતસંધ્યામાં ૪૦૦ લોકોની વચ્ચે કજરા રે... પર ઠુમકા

વડોદરા, તા.૧૦

કોરોના કહેર વચ્ચે વડોદરાના પાદરા નગરમાં દીકરીના લગ્ન નિમિત્તે ફાર્મ હાઉસમાં મ્યુઝિકલ પાર્ટીનું આયોજન કરાયું હતું. આ મ્યુઝિકલ પાર્ટીમાં ગુજરાતી ફિલ્મની અભિનેત્રી મમતા સોનીએ ઠૂમકા લગાવ્યા હતા. લગ્ન નિમિત્તેની પાર્ટીમાં ૪૦૦ ઉપરાંત લોકો જોડાયા હતા. અને કજરા..રે...કજરા...રે..ગીત ઉપર અભેનેત્રી મમતા સોની ઉપર રૂપિયાનો વરસાદ કરી મનમૂકી નાચ્યા હતા. પાદરા પોલીસે કોરોનાની ગાઈડ લાઈન મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

મળેલી માહિતી પ્રમાણે પાદરા ટાવર રોડ પર રહેતા ફારૂકભાઇ કાલુભાઈ મેમણની દીકરીના લગ્ન હતા. દીકરીના લગ્ન નિમિત્તે પાદરા ડભાસા રોડ ઉપર આવેલ રંગ ફાર્મ હાઉસમાં ગુજરાતી ફિલ્મની અભિનેત્રી મમતા સોનીની મ્યુઝિકલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મ્યુઝિકલ પાર્ટીમાં ૪૦૦ ઉપરાંત લોકો જોડાયા હતા. આ મ્યુઝિકલ પાર્ટીમાં ગુજરાતી ફિલ્મની અભિનેત્રી મમતા સોનીએ કજરા...રે.. કજરા...રે.. ગીત ઉપર ઠૂમકા લગાવ્યા હતા. અભિનેત્રીના ઠૂમકા જોઈ લગ્ન નિમિત્તેની પાર્ટીમાં જોડાયેલા કેટલાક લોકોએ અભિનેત્રી ઉપર રૂપિયાનો વરસાદ કર્યો હતો. તો કેટલાક લોકો કજરા..રે.. ગીત ઉપર મન મૂકીને નાચ્યા હતા.

ફાર્મ હાઉસમાં ભવ્ય સ્ટેજ બાધી આયોજીત લગ્ન નિમિત્તેની આ મ્યુઝિકલ પાર્ટીમાં જોડાયેલા અનેક લોકો માસ્ક વગર ના હતા. તેમજ સોશિયલ ડિસ્ટન પણ જાળવ્યું ન હતું અને અભિનેત્રીના વિવિધ ગીતો ઉપરના ડાન્સ સાથે આનંદ લૂંટ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કાળો કેર વર્તાવી રહેલા કોરોનાને પગલે સરકાર દ્વારા જાહેર કાર્યક્રમો યોજવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે સાથે લગ્ન પ્રસંગ સહિત શુભ-અશુભ પ્રસંગો ઉપર પણ મર્યાદિત સંખ્યા નક્કી કરવામાં આવી છે. ત્યારે પાદરાના રહેવાસી ફારુક મેમણે પોતાની દિકરીના લગ્ન નિમિત્તે ફાર્મ હાઉસ રાખીને ગુજરાતી ફિલ્મોની અભિનેત્રીની મ્યુઝિકલ પાર્ટીનું આયોજન કરતા ચકચાર મચી ગઈ હતી.

# કોરોનાનું સંક્રમણ વધતાં ધો. ૧૦ - ૧૨ની પરીક્ષા જૂન મહિનામાં લેવા માગ




અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં કોરોનાના કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે. જેના કારણે ઓલ ગુજરાત વાલી મંડળે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા મે મહિનાને બદલે જૂનમાં લેવાની માગ સાથે મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખ્યો છે. ઉપરાંત ધોરણ ૧થી૮ના વિદ્યાર્થીઓની સત્રાંત પરીક્ષાના આધારે વિદ્યાર્થીઓને પાસ કરી દેવા તેમજ ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની મુખ્ય ત્રણ વિષયની પરીક્ષા ઓનલાઈન લઈને બાકીના વિષયો ગુણ પ્રથમ સત્રાંતના મૂલ્યાંકન પરથી આપી દેવાની રજૂઆત કરી છે. કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે સંક્રમણ હજી વધશે તેવી ભીતિને પગલે બોર્ડની પરીક્ષા પાછળ ઠેલવા માગ કરવામાં આવી છે.

ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ શાહે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે કે, ગુજરાત અને તેમાં પણ ખાસ કરીને અમદાવાદમાં કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે અને પરિસ્થિતિ વિકટ છે. મૃત્યુદર દિવસે ને દિવસે વધતો જાય છે. જેને જોતાં હાલમાં ૧૦ મેથી શરૂ થતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો તથા સ્કૂલનો સ્ટાફ સંક્રમિત થાય તેવી દહેશત છે. બીજી લહેરમાં કોરોના બાળકોને શિકાર બનાવી રહ્યો છે. હાલ હોસ્પિટલમાં પિડીયાટ્રિક વોર્ડ ઊભો કરવાની ફરજ પડી રહી છે. જેથી વાલી મંડળની માગણી છે કે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા જૂન માસમાં લેવામાં આવે. ઉપરાંત વૈકલ્પિક વિષયોની પરીક્ષા પણ બાળક જે સ્કૂલમાં અભ્યાસ કરે છે ત્યાં જ જૂન માસમાં લેવામાં આવવી જોઈએ. દર વર્ષે વિદ્યાર્થીઓને ગ્રેસિંગ માર્ક આપવામાં આવે છે ત્યારે આ વખતે પણ દરેક વિદ્યાર્થીઓને રહેમ રાહે પાસ કરી દેવામાં અને કોઈ બાળકનું ભવિષ્ય ન બગડે તે માટે પણ વાલી મંડળે રજૂઆત કરી છે.

ઉપરાંત ધોરણ ૧થી૮ના વિદ્યાર્થીઓને પ્રથમ સત્રાંત પરીક્ષાના મૂલ્યાંકનને આધારે ગુણ આપીને પરિણામ જાહેર કરવામાં આવે અને બાળકોને ઉત્તીર્ણ કરીને આગળના ધોરણમાં લઈ જવામાં આવે, તેવી પણ રજૂઆત થઈ છે. ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને મુખ્ય ત્રણ વિષય- અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનની વાર્ષિક પરીક્ષા ઓનલાઈન લઈ લેવામાં આવે તેવી માગણી કરી છે.

# સુરતઃ મહિલા ટીઆરબીને પ્રેમી ટીઆરબીએ ધુલિયા જઈ બ્રિજ પરથી નદીમાં ફેંકી દીધી

સુરત, તા.૧૦

શહેર પોલીસની ટ્રાફિક બ્રાંચમાં ફરજ બજાવતી મહિલા ટીઆરબીની સહકર્મી પ્રેમીએ હત્યા કરી હોવાનો ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે. લગ્નના મુદ્દે ચાલી રહેલા ડખામાં ટીઆરબી રાહુલે પ્રેમિકાને મહારાષ્ટ્રના ધુલિયા લઈ જઈ બ્રિજ પરથી ધક્કો મારી નદીમાં ફેંકી દીધી હતી. લાલગેટ પોલીસે પ્રેમિકાની હત્યાના કેસમાં આરોપી ટીઆરબી રાહુલની અટકાયત કરી હતી. મળતી વિગતો પ્રમાણે સૈયદપુરા-કાંસકીવાડ ખાતે ભાડાના મકાનમાં રહેતી કાજલ મનોજભાઈ મિશ્રા (ઉ.વ.૨૬) ટીઆરબીમાં ફરજ બજાવતી હતી.

મુળ મહારાષ્ટ્રની વતની કાજલને ટીઆરબીમાં જ ફરજ બજાવતા રાહુલ નામના યુવક સાથે છેલ્લાં છ માસથી પ્રેમસંબંધ હતો. ઉધનામાં રહેતો ટીઆરબી રાહુલ અવરનવર તેણીને ઘરે પણ આવતો હતો. દરમિયાન રાહુલે કાજલ સાથે લગ્ન કરવાનો ઈક્રાર કરી દીધો હતો. જે મુદ્દે બંને વચ્ચે ઝઘડા ચાલતા હતા. કાજલ લગ્ન નહિ કરે તો ખોટાં કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપતી હતી. દરમિયાન ગત તા.૨૯મી માર્ચથી કાજલ ભેદી રીતે ગાયબ થઈ ગઈ હતી. મહારાષ્ટ્ર રહેતા દાદી સાથે રોજ ફોન પર વાત થતી હોય સપ્તાહથી કોલ નહિ આવતા તેમણે સુરત આવી તલાશ કરી હતી. કોઈ ભાળ નહિ મળતા લાલગેટ પોલીસમાં મીસિંગની ફરિયાદ આપી હતી. ત્યારબાદ દાદી સહિતના પરિવારજનોને કાજલનું અફેર રાહુલ સાથે ચાલતું હોવાની જાણ થઈ હતી.

દાદી સહિતના પરિજનોએ રાહુલના ઘરે જઈ તપાસ કરતા રાહુલે ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું અને હોસ્પિટલમાં દાખલ હોવાની જાણ થઈ હતી. જેથી પરિવારજનોએ રાહુલ પાસે જઈ કાજલ સાથે શું થયું છે તેની વિગતો જણાવવા કાકલૂદી કરી હતી. આખરે રાહુલ ભાંગી પડયો હતો અને કાજલના દાદી સમક્ષ સમગ્ર હકીકત જણાવી હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે કાજલના ટોર્ચરિંગથી કંટાળી રાહુલ તેને લઈ તા.૨૯મી માર્ચે મહારાષ્ટ્ર લઈ ગયો હતો. અહીં બીજા દિવસે તા.૩૦મીએ સવારે ધુલિયા પાસેના એક બ્રિજ પર લઈ જઈ અહીં ધક્કો મારી તેને નદીમાં ફેંકી દીધી હતી. ડૂબી જતા કાજલનું મોત થઈ ગયું હતુ. સુરત પરત ફર્યા બાદ વસવસો થતા તેને ઉધના સ્થિત પોતાના ઘરે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનોએ લાલગેટ પોલીસને જાણ કરી હતી.

લાલગેટ પોલીસે મહારાષ્ટ્ર જઈ તપાસ કરી હતી. જ્યાં સીમખેડા પોલીસને કાજલની લાશ નદીમાંથી મળી આવી હોવાની જાણ થઈ હતી. પોલીસે એડી દાખલ કરી હતી. સપ્તાહ સુધી પરિવારનો કોઈ પત્તો નહિ લાગતા કાજલની લાશનો બિનવારસી તરીકે નિકાલ કરી દીધો હતો. હાલમાં મહારાષ્ટ્રમાં કોરોનાની વિકટ સ્થિત હોય કાજલની લાશની દફનવિધિ કરી દેવાઈ હતી.

કોરોના કાળમાં ટપોટપ મોત થતા હોય દફનવિધિ કરી દેવાઈ હતી. આમ, પરિવારજનો કાજલના અંતિમ દર્શન પણ કરી શક્યા ન હતા. લાલગેટ પોલીસે અપહરણ અને હત્યાનો ગુનો હત્યારા ટીઆરબી રાહુલને અટકાયતમાં લીધો હતો. પોલીસે તેનો કોવિડ ટેસ્ટ કરાવવાની તજવીજ હાથ ધરી છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૫ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

વિષય : રાગ - રાગીણી .દિવસ - ૬

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.

---

NOG SS 0032
વિષય:- રાગ- રાગિણી
વિભાગ:-પદ્ય
પ્રકાર:- પદ્ય ( મૌલિક રચના)
શીર્ષક:- સરિતાનો રાગ

કિનારો એ કિનારો.
કિનારાને ક્યાં ખબર છે કે કોણ
પોતાનું અને કોણ પારકું.
ચાલો સરિતાનાં રાગને
હ્રદયમાં ભરી લઈએ.
કિનારા પણ એક બીજાથી અજાણ,
મળવું તો ઘણું પણ ક્યાંથી ....?
ઉત્સુકતા ઘણી પણ વ્યર્થ.
ચાલો સરિતાનાં રાગને
હ્દયમાં ભરી લઈએ.
ભલે હોય સૂનાં દર્દભર્યા
સંગીત...આજ એ ગીતોને
મનમાં ભરી લઈએ.
ચાલો સરિતાનાં રાગને
હ્દયમાં ભરી લઈએ.
બસ તારો જ હવે સહારો છે.
આ ડૂબતી નાવડી કિનારો ઝંખે,
ચાલો સરિતાનાં રાગને
હ્દયમાં ભરી લઈએ...
સરિતાની દિલદારીને હવે,
શ્વાસોચ્છવાસમાં ભરી લઈએ.
ચાલો સરિતાનાં રાગને
હ્દયમાં ભરી લઈએ.
જેમ ઉપર આભ અને નીચે ધરતી,
જાણે ક્ષિતિજે મળે પણ એ તો
મનનો આભાસ.
ચાલો સરિતાનાં રાગને
હ્રદયમાં ભરી લઈએ.
કિનારાને ક્યાં ખબર છે કે લહેર
બની અફળાય, એ વહાલ કરતું
આલિંગન છે કે વેદનાનું વહેણ...
એ તો મન ભરીને મળીને પાછી
દરિયામાં સમાઈ ગઈ.
ચાલો સરિતાનાં રાગને
હ્દયમાં ભરી લઈએ.
મીના માંગરોલીયા મીનુ ,અમદાવાદ

---

NOGSS 0044
વિષય:- રાગ- રાગિણી
પ્રકાર:- પદ્ય
શીર્ષક:- દ્વેષ

૧. પ્રગટાવી હોળી હોમી દીધાં સર્વ
રાગ, દ્વેષ પામ્યાં શાંતિ.
૨. રાગ, ઈર્ષા, દ્વેષ જીવનમાં
આવે કરે ખેદાનમેદાન.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No: 0079
વિષય - રાગ-રાગિણી
શીર્ષક- રાગનો ફાગ

જીવનમાં રાગ રાગિણી સંગે ક્યારેય પ્રેમ ન હતો. કારણ સામાન્ય છે. અવાજ વખાણવા જેવો નથી. તેથી એમ ન માનશો મને સંગીત સાથે પ્રેમ નથી ! મારા બન્ને કાન રાગ રાગિણી સાંભળવા સદા તત્પર જણાય. જેને કારણે દિલ ભાવ ભક્તિથી છલકાઈ ઊઠે.
જીવન બેસૂરું નહી સુરીલું બને. લખેલાં ભજનો અને કાવ્યો મનઘડંન રાગમાં ગાઈ અને વગાડતાં શીખી.
પેલું શરણાઈવાલાનું ગીત બચપનથી ગમતું હતું .
"પોલું છે તે બોલ્યું તેમાં કરી તે શી કારીગરી ?
સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે."
રાગ રાગિણી જીવનનાં બાગમાં સુગંધી ફૂલોની ગરજ સારે છે. આ કલા એકલતાનો સાથી છે.
જીવન કલામય બનાવવા જરૂરી છે. નશીબદાર લોકોને આ કલા વરી હોય છે.
આ કલા સિવાયની બીજી કલામાં નિપુણતા પામી હોવાથી કોઈ અસંતોષ નથી .

પ્રવિણા કડકિઆ

---

NOG SS NO- 0088
વિષય શબ્દ- રાગ રાગિણી..
પ્રકાર- પદ્ય
શિર્ષક- પ્રણય અનુરાગ

રાગિણીએ, સુહ્દ! રાગને કહેણ મોકલ્યું છે!..
આવતો નહી આજ, મુખના દરવાજે તાળું છે!...
શબ્દોની દુનિયામાં હજું સદંતર અંધારું છે!..
વૈખરીની હડતાલનું, આ જ એક બહાનું છે!..
અનુરાગે સૂરાવલી સાથે કર્યો મોટો ધડાકો! છે...
ના જોઈએ, સૂર, વાણી, વાચાનું કામ મારે!...
રાગ-અનુરાગ! પિછાણવાનું આ પાકું બહાનું છે...
મૌનની મધુશાલામાં ક્યાંક મહેફિલ મંડાણી છે...
પિવાય છે! મદિરા અહીં, ઈશારા તણાં જામની!..
હોઠે મંડાઈ છે પ્યાલી પ્રણય તણાં અંજામની!..
પ્રણયની આગોશમાં! મિલનનું મધુર આ ટાણું છે..
નિ:શબ્દ! શાંત લયે રેલાવ્યો સૂરને પ્રિતનું ગાણું છે..
હૃદય ઝંકૃત! થઈને ગાય, ડોલે! તનનો તંબુરો ભલા..
ચલે સંગ રાગ રાગિણી, માનુષ રાગી સંબંધ સદા.

ડો. મનીષા વ્યાસ.અમદાવાદ

---

:NOG SS NO:004
વિષય: રાગ, રાગિણી,
શીર્ષક:ઉજાસ

ઉજાસ
આજ ઉજાસ રાહ જુવે
તમસને હટવાની દીવે,
નાનીશી મીણબત્તીની
ગરીમા તો જુઓ કેવી,
પ્રકાશે માનભેર પ્રગટે
માનવના મને રાગ ઉમટે,
ધીરે ધીરે પીગળતા તે
ગર્વથી આત્માને ઝંઝોડે,
જલતી તે શમા પર કેમ
પરવાના પ્રાણ અર્પે જેમ,
અંતે થઈ ઢેર રૂપ ઘણું કહે
જન્મ તેનો અંત ફેરાફરે..!

જયશ્રી પટેલ

## કોરોનાના નામે કોઈ સાજિશ નથી ને?

અત્યારે કેન્સર, ટીબી, કે નળી બ્લોકેજ ના કેશ જ નથી કે નથી કોઈને કિડનીના કેશ બસ જરાક શરદી ઉધરસ થાય એટલે કોરોના બીજા રોગો ક્યાં અદ્રશ્ય થઇ ગયા ?? શું આની પાછળ કોઈ રાજરમત છે ? વિશ્વના મોટા ભાગના દેશોમાં કોરોનાનો કહેર છે ક્યારેક કેશ વધી જાય છે તો ક્યારેક પાછા નોર્મલ થઇ જાય છે આ સ્થિતિ એવી છે કે આનો કોઈ ઉકેલ નથી. કેટલા દિવસ બંધ રાખશો ? શું શું બંધ કરશો ? એક વર્ષથી આમ ને આમ છીએ તેમ છતાં કોઈ ફેરફાર નથી. શું શાળા બંધ કરી દેવી જોઈએ ? શું ધંધા રોજગાર બંધ કરી દેવા જોઈએ ? આ બીમારી આમ ને આમ ચાલશે તો આર્થિક તંગીથી નાના માણસો તેમજ મધ્યમ વર્ગ બરબાદ થઇ જશે. જો આ રોગ નો કોઈ જ ઉકેલ નો હોય તો જેમ ને તેમ બધું ખોલી નાખવું જોઈએ કારણકે માણસની મૃત્યુ નિશ્ચિત છે અને કોઈ પણ વિજ્ઞાનિક કે કોઈ ડોક્ટર બદલી નહિ શકે પણ જો આ રોગથી ડર્યા જ કરશું તો કશું જ નહિ થાય. મારુ એવું માનવું છે કે રોડ એક્સિડેન્ટ કે બીજા અન્ય રોગમાં પણ ઘણા લોકો રોજ મરતા હતા પણ જ્યારથી આ કોરોના નામનો વાઇરસ આવ્યો ત્યારે કોરોનાથી જ લોકો મારે છે અન્ય રોગ તો જાણે અસ્તિત્વમાં જ નથી. દેશના પૂર્વ ભાગમાં જ્યાં ચૂંટણી ચાલે છે ત્યા કેશ એક પણ નથી અને પશ્ચિમમાં લખો કેશ એ સમજાતું નથી. લોકોએ નક્કી કરવું જોઈએ કે ડરી ડરીને રહેવું છે કે કોરોના સામે લડીને જીવવું છે કારણકે જીવન છે તો જીવવું પડશે અને રોજ નોકરી ધંધા બંધ તો નહિ જ કરી શકાય. ક્યાં સુધી આમ ને આમ ચાલશે વિચારજો. સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિ ધરાવતા અને આયુર્વેદનું જ્ઞાન આપવાવાળા દેશ પાસે પણ કોરોનાની દવા નથી તો આયુર્વેદ શું કામનું ? આયુર્વેદનો પ્રભાવ હોય તો આટલા કેશ થવા ન જોઈએ. જેટલું વિચારશો એટલા ડરશો બાકી ડરી ડરી જીવવું કરતા લડીને જીવવું સારું. અંતે આ સમયે ભગવાન આપણા દુશમનનું પણ સારું કરે.....

અસ્તુ
જય હિન્દ
જયુ શ્રી રામ

## રાજકોટમાં વધુ ૩૨ના મોત, કેન્દ્રની આરોગ્ય ટીમ દોડી આવી

રાજકોટ, તા.૧૦

દિલ્હીની ત્રણ સભ્યોની આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગના અધિકારીઓની ટીમ રાજકોટની મુલાકાતે આવી પહોંચી હતી,દરમ્યાન રાજકોટ સર્કિટ હાઉસ પર પત્રકાર પરિષદ યોજી હતીકેન્દ્રીય આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગના અધિકારીઓ રાજકોટની સમિક્ષા કરશે.ડો.અમલ પાટીલ,ડો.કપૂર અને ડો.ડાંગવાર અધિકારીઓ સાથે રિવ્યૂ બેઠક કરશે. રાજકોટમાં કોરોના સંદર્ભે કન્ટેન્ટમેન્ટ ઝોન,રસીકરણ કેન્દ્ર અને કોરોનાની સ્થિતિની સમિક્ષા કરી હતી. અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં ફેમિલી બન્ચીંગ થઇ રહ્યુ છે. કોરોનાની ચેઇન તોડવી ખૂબ જ જરૂરી છે.હોસ્પિટલની સુવિધા વધાવાથી કોરોના કાબુમાં નહિ આવે આ માટે કોન્ટેક ટ્રેસિંગ કરવું ખૂબ જ જરૂરી છે.

રાજકોટ કોરાનાનું હોટસ્પોટ બની ગયું હોય તેવું ચિત્ર ખડું થઇ રહ્યું છે,આજે વધુ ૩૨ મોત થતાં સમગ્ર જિલ્લામાં ફફડાટ ફેલાયો છે તેની વચ્ચે રાહતના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. જેના પગલે મુખ્યમંત્રી રૂપાણીની ચિંતામાં પણ વધારો થયો છે તેમજ મુખ્યમંત્રી એ કેન્દ્રીય ટીમ સાથે રાજકોટની મુલાકાત લીધા બાદ બીજા દિવસે રાજકોટ શહેર-જિલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના પગલે આજે કેન્દ્ર સરકારની નિષ્ણાંત તબીબો-વાયરોલોજીસ્ટોની ત્રણ સભ્યોની એક ટીમ રાજકોટ દોડી આવી છે. કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગની આ નિષ્ણાંત તબીબોની ટીમે આજે સિવિલ હોસ્પિટલ ઉપરાંત સમરસ-કેન્સરમાં અપાતી સારવારની સાથોસાથ શહેરમાં મનપા દ્વારા કરવામાં આવતા એન્ટીજન, આરટી-પીસીઆર ટેસ્ટીંગની કામગીરી પણ નિહાળી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજકોટ શહેર-જિલ્લામાં છેલ્લા વીસ દિવસથી વધતા જતા કોરોના સંક્રમણથી ચોંકી ઉઠેલ રાજ્ય સરકારે બેડ વધારવા, દવા, રેમડેસિવર સહિતના વિવિધ મુદ્દે શ્રેણીબદ્ધ પગલાઓ લીધા છે. રાજકોટ શહેર અને જિલ્લાની કોરોના સંક્રમણથી ચિંતિત મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, સરકારના અધિક અગ્ર સચિવ કે.કૈલાસનાથન, મુખ્ય સચિવ અનિલ મુકિમ સહિતના ટોચના અધિકારીઓએ ગઇકાલે રાજકોટ દોડી આવી જિલ્લા કલેકટર કચેરીમાં મેરેથોન બેઠકો કરી શહેર-જિલ્લાની કોરોના સ્થિતિની વિવિધ મુદ્દે સમીક્ષાઓ કરી હતી.બીજી તરફ રાજકોટ શહેર-જિલ્લાની કોરોના સ્થિતિ મામલે આજે કેન્દ્ર સરકારના આરોગ્ય ખાતાના ટોચના ત્રણ તબીબો અને બે વાયરોલોજીસ્ટો સહિત પાંચ નિષ્ણાંતોની એક ટીમ આજે રાજકોટ દોડી આવી હતી. આ નિષ્ણાંત ટીમે આજે રાજકોટ સિવિલ ઉપરાંત સમરસ-કેન્સર હોસ્પિટલમાં અપાતી સારવારના મુદ્દે વિગતો મેળવી હતી. કોરોના સિરિયસ દર્દીઓને અપાતી સારવારની પદ્ધતિ ઉપરાંત સ્થાનિક તબીબો સાથે ચર્ચા કરી ડેથ રેશીયો ઓછો થાય તે સહિતના સારવારમાં સુચના કર્યા હતા.



ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર ના ઉપક્રમે ભાજપ કાર્યાલય ઉધના ઉપર થી ૧૦:૩૦ વાગ્યાથી દર્દીને વ્યક્તિદીઠ એક remdesivir ઇન્જેક્શન વિનામૂલ્યે આપવામાં આવશે. ડોક્ટરના પ્રિસ્કીપશન સાથે લાવવાનું રહેશે . ફક્ત ૯/૪/૨૧ તથા ૧૦/૪/૨૧ ના ડોક્ટર ના prescription માન્ય રહેશે. કુપન આપી જથ્થા પ્રમાણે ઇન્જેક્શન ઉપલબ્ધ કરવામાં આવશે.

ભારતીય જનતા પાર્ટી પરિવાર સુરત મહાનગર.



ગુજરાત ના બાહોશ પોલીસ અધિકારી IPS શ્રી એમ કે નાયક ના કોરોના ના કારણે અવસાન ના દુઃખદ સમાચાર . વિનમ્ર શ્રધાંજલિ અને પરિવાર પ્રત્યે સવેંદના . 🙏

## મને સો ટકા વિશ્રવાસ છે કે મોદીજી કોરોના ને ખતમ કરી દેશે

જેમ કે..
જી.ડી.પી ખતમ કરી..
યુવાનો માટે રોજગાર ખતમ કરયો
જી.એસ.ટી ખતમ કરયો..
પેટ્રોલ - ડીઝલ - રાંધણ ગેસ
ખરીદવાનુ ખતમ કરી નાખયુ..
વેપાર - ધંધા ખતમ કરી દીધા..
રીઇલ એસટેટ ખતમ કરી નાખયો
બેંકો ખતમ કરી નાખી..
બચતો ખતમ કરી નાખી..
રોજગાર ખતમ કરી નાખયો..
વિદેસો માથી કાળુ નાણુ ખતમ કરી દીધૂ...
ડોલર ની સામે રુપીયા ખતમ કરી દીધો..
કીશાન ને ખતમ કરી દીધા..
તો કોરોના શુ ચીજ છે.....?

## "જય શ્રી રામ "થી" રામ બોલો ભાઈ રામ " સુધીની સફર રાજકીય અંધભક્તિનું દુષપરિણામ...

જો ગુજરાત રાજ્ય ના સરકારી આંકડા ને આંખોમીચી ને સાચા માનીએ તો કોરોના ના દૈનિક ચાર હજાર કેસમાં તો સરકાર ના હાથપગ ફુલી ગયા છે . આરોગ્યતંત્ર ઘુંટણીયે પડી ગયાની સ્થિતિ આખાય ગુજરાતમાં પ્રવ્રતે છે . હોસ્પિટલ માં ખાટલા , ઓક્સીજન , ઈન્જેક્ષન , વેન્ટીલેટર, મેડીકલ સ્ટાફ, એમ્બ્યુલન્સ તો ઠીક હવે શબ વાહીનીઓ પણ ખુટી પડી છે . લોકો પોતાના પરિવારજનો ના જીવ બચાવવા રેમડીસીવર ઈન્જેક્ષન મેળવવા રઝળપાટ કરી રહ્યા છે. સ્વજનો ના જીવ બચાવી લેવાની હડીયાપટી પછીય જીંદગી બચે તો ઠીક નહીતર સ્મશાનમાં અંતિમવિધી માટે રઝળપાટ કરવાની કરૂણ પરિસ્થિતિ છે

એકજ પક્ષના પચીસ વરસથી વધુના એકધારા એકચક્રી શાસન બાદ પણ આ સ્થિતિ કેમ ? આ હાલત માટે જવાબદાર કોણ ? આ પ્રશ્ન નો જવાબ શોધવા જઈએ તો શાસકો જેટલો જ દોષિત પ્રજાનો એ મોટો વર્ગ પણ છે જેમણે ક્યારેય અસલ મુદ્દાઓ પર મત જ નથી કર્યો. શિક્ષણ અને આરોગ્ય જેવી બે મુળભુત જરૂરિયાત ક્યારેય ચુંટણીમાં મુદ્દા જ નથી બની શક્યા , જેથી આ બન્ને ક્ષેત્ર વેપારનું માધ્યમ બની ગયા. રાજકીય જગતમાં ગુજરાત ને હીંદુત્વની લેબોરેટરી તરીકે ઓળખાય છે જે સ્વયંસિધ્ધ સત્ય છે કે લોકોએ કયા રસ્તે જવાનુ ઉચિત માન્યુ જેનુ અનુચિત પરિણામ આજે ભોગવી રહ્યા છે. કામ ના બદલે રામ અને હાથમાં ડીગ્રી ના બદલે ત્રિશુળ પકડાવી દેવાની રાજરમત ના પ્યાદા બનવાનુ આંધળાપણુ આજની લાચારી અને વિવશતા નુ કારણ છે. જયશ્રી રામ ના નારા થી શરૂ થયેલી અંધભક્તિ ની રાજકીય સફર રામ બોલો ભાઈ રામ ના મરશીયા રૂદન સુધી પંહોચી એ પાપ માં ભાજપ સરકાર જેટલી જ ભાગીદારી માત્ર ને માત્ર ધર્મના આધારે આંધળુ સમર્થન કરનાર લોકોની પણ છે . અમદાવાદ ને કર્ણાવતી નામ આપી મુગલો ના શહેર ની છાપ ભુંસવાની ભુરકી નાખી શરૂ થયેલો પ્રયોગ ધીરે ધીરે રાજકીય વશીકરણ ના સ્તરે પંહોચ્યો. પરિણામે ત્રીસ વરસે અમદાવાદ કર્ણાવતી તો ના થયુ કોરોનાવતી ચોક્કસ થઈ ગયુ છે .આરોગ્ય, શિક્ષણ, પાણી,ગટર,સફાઈ,સારા રોડ રસ્તા જેવી પ્રાથમિક જરૂરિયાતો ને નજરઅંદાજ કરી મંદીર-મસ્જીદ પર મત આપવાના અવેજમાં આજે વિના સારવાર મોત મળી રહ્યુ છે એના જવાબદાર ધર્મના નામે મત પડાવી જનાર અને મત આપનાર બેઉ છે .ગણપતિ ને દૂધ પીવડાવવાની અફવા દ્વારા મગજની નસબંધી થયેલા લોકોનો એક રાષ્ટ્રીય અઘોષિત સર્વે કરાયો જેનાથી ઉત્સાહીત ભાજપે એને પ્રમુખ હથિયાર બનાવ્યુ .ધર્માંધતા હેઠળ નાગરિક ફરજો ભુલી ગયેલાઓની એક ભીડ તૈયાર કરવામા સફળ થયેલા શાસકો સમજી ગયા કે આ ટોળાને કયા દંડાથી કઈ દીશામાં મનમરજી દોરી શકાય અને તેઓ લાગલગાટ એમને દોરતા રહ્યા. ક્યારેક ગાય ક્યારેક ગંગા ને ગોધરા તો ક્યારેક લવજેહાદ ની લાકડીએ આ ભીડ ના મસીહા બની ભાજપ મુળ શાસકીય જવાબદારી થી છટકતુ રહ્યું.

ગણપતિ પાછળ દૂધની ટોયલી લઈ દોડનારા આવા મતાંધ લોકોના સમર્થનથી બનેલી સરકારની નિષ્ફળતા ના કારણે આજે આપણા ગુજરાતીઓ તેમના સ્વજનોની દોણી પકડી અગ્નિદાહ ની કતારમાં ઉભા છે .

જીસ હીંદુ કા ખુન ના ખૌલે ખુન નહી વો પાની હૈ ના ઉશ્કેરાટમાં ઢસડાતી ભીડ આજે સ્મશાનમાં ઠંડી પડેલી લાશોના ઢગલા માટે એટલી જ અપરાધી છે જેટલા આ ઘેટાઓ ને ચારી જતા શાસકો.દુખ એ વાતનુ છે કે કોઈ એક રાજકીય પક્ષના ખુંટે ધર્મની સાંકળે બંધાયેલી માનસિકતા ની સજા તમામ ગુજરાતીઓ ભોગવી રહ્યા છે . બંધ મંદીરો દુઆ માટે અને ઉભરાતી હોસ્પીટલ દવા માટે કામ આવે તેમ નથી .

હવે શું ? હોસ્પીટલમા બેડ ના મળે તો રીવરફ્રન્ટ પર તો ખાટલા નખાશે નહી ! દુનિયાના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડીયમ મા મડદા બળાશે નહી ! વિશ્વની સૌથી ઉંચી સરદાર ની પ્રતિમા ને વળગી એમના જેવુ લોખંડી મનોબળ યાચવાનુ ,જય શ્રી રામ કરવાનુ , નસીબ હોય તો સાબુત નહીતો રામ બોલો ભાઈ રામ....!

રાજેશ ઠાકર




અમરેલી પોક્સો કોર્ટ દ્વારા ૩ વર્ષની બાળકી પર બળાત્કાર કરનાર આરોપી રાજુ માંગરોળીયા સાવરકુંડલાવાળા ને આજીવન કારાવાસની અને રૂપિયા ૧૫/લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો .

રિપોર્ટર... ભરતભાઈ ખુમાણ, અમરેલી.

## ચિલ્ડ્રન ઇન્નોવેશન ફેસ્ટિવલમા શોર્ટલિસ્ટ કરેલા ૨૦૦ પ્રોજેક્ટ્સમાંથી સ્થાન પામ્યા બાદ, ટોપ ૫૦ પ્રોજેક્ટ્સમાં નર્મદા જિલ્લાના પ્રોજેક્ટની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

ાજપીપળા, તા. ૧૦

ચિલ્ડ્રન ઈન્નોવેશન ફેસ્ટિવલમાં શોર્ટલીસ્ટ કરેલા ૨૦૦ પ્રોજેક્ટમાં સ્થાન પામ્યા બાદ હવે ટોપ ૫૦ પ્રોજેક્ટમાં નર્મદાના એમ.આર વિદ્યાલય રાજપીપળા (ટચમી નોટ ટેપ )પ્રોજેક્ટની રાજ્યકક્ષાએ પસંદગી પામી છે. જેમાં ભારત દેશના વિવિધ રાજ્યોના બાળકોએ લગભગ ૨૦૦૦ જેટલા પ્રોજેક્ટ્સ આઈડિયા રજૂ કર્યા હતા. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકૉસ્ટ) ગાંધીનગર પ્રાયોજિત મંથન નર્મદા લોક વિજ્ઞાન કેન્દ્ર, રાજપીપલાના



માર્ગદર્શન હેઠળ એમ.આર વિદ્યાલય રાજપીપળા ના ૨ વિદ્યાર્થીઓ ધ્રુવ પટેલ અને હર્ષ નાઈને તેમના ટચ મી નોટ ટપ પ્રોજેક્ટ આઈડિયાનું સીઆઈએફ ૨૦૨૦માં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટ નો હેતુ કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લેતા એવા નલનું નિર્માણ કરવાનો હતો કે જેમાં સેન્સરની મદદ થી અડ્યા વિના પાણી ચાલુ બંધ થઈ શકે અને આ નળ બજારમાં મળતા આવા જ અન્ય નળ કરતા કિંમત માં પણ સસ્તો હોય અને દરેક વર્ગના લોકો તેનો ઉપયોગ કરી શકે તે હતો. જેને અગાઉ શોર્ટલિસ્ટ કરેલા ૨૦૦ પ્રોજેક્ટ્સ માં સ્થાન પ્રાપ્ત થયેલ હતું અને તેમાંથી જીયુએસઈસી અને યુએનઆઈસીઈએફ દ્વારા ઉચ્ચ ગુણવતા ધરાવતા અને અનોખા વિચાર વાળા ટોપ ૫૦ પ્રોજેક્ટ્સમાં નર્મદા જિલ્લાના ટચમી નોટ ટેપની પસંદગી થયેલ છે. આ પ્રોજેકટને કોરોનાની હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા આપણે તેનો ઉપયોગ જાહેર શૌચાલય માં,પોતાના ઘરમાં, મંદિર માં ચરણામૃત માટે અને અન્ય ઘણી બધી જગ્યા એ કરી શકીએ છીએ. આ પ્રોજેકટ ને માધ્યમિક શાળા ના શિક્ષક સંઘ તથા જિલ્લા શિક્ષણાધિકારી સાહેબશઅને મંથન નર્મદા ના સમગ્ર ટીમ પણ અભિનંદન પાઠવ્યા છે. તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી મોકૂફ રાખવા ચુંટણીપંચને વિનંતી કરતા ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગની એક અખબારી યાદી જણાવે છે કે તાજેતરમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તારીખ ૧૮ એપ્રિલ ૨૦૨૧ ના રોજ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ગાંધીનગર મહાનગરપાલિકાનું ઈલેક્શન જાહેર કરવામાં આવેલ હતું. આ ઈલેક્શનમાં તમામ રાજકીય પક્ષો દ્વારા પોતપોતાના ઉમેદવારો નક્કી કરી ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયેલ છે, પરંતુ સમગ્ર વિશ્ર્વ, દેશ અને ગુજરાત રાજ્યમાં કોરોના મહામારીનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે ભારતીય જનતા પક્ષ રાજ્યની જનતા અને ઈલેક્શનની કામગીરી માં રોકાયેલ તમામ અધિકારીઓ કોરોનાથી સંક્રમિત ન થાય તે હેતુથી ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલે રાજ્ય ચૂંટણીપંચને તારીખ ૯ એપ્રિલ ૨૦૨૧ ના રોજ એક પત્ર લખી ગાંધીનગર મહાનગરપાલિકાનું ઈલેક્શન મોકુફ રાખવા વિનંતી કરેલ છે.

ભારતીય જનતા પક્ષના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલે કોરોના મહામારીનું સંક્રમણ અટકાવવા માટે તેમજ સંક્રમિત થયેલ દર્દીઓને કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે માટે પક્ષના કાર્યકર્તાઓને સેવાકીય પ્રવૃત્તિમાં વ્યસ્ત થવા આહવાન કરેલ છે.

## કોરોનાની વિકટ પરિસ્થિતિમાં વેક્સિનેશન માટે યુવા મોરચા દ્વારા હેલ્પ ડેસ્ક શરૂ કરાશે

# ૧૧ એપ્રિલ જ્યોતિબા ફુલે જન્મ જયંતિથી લઈ ૧૪ એપ્રિલ ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ સુધી યુવા મોરચા દ્વારા સમગ્ર ગુજરાતમાં વેક્સિનેશન મહોત્સવ ઉજવાશે

**પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શનથી તા.૦૯ એપ્રિલ શુક્રવારના રોજ પ્રદેશ યુવા મોરચાના નવનિયુક્ત અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં યુવા મોરચાની વર્ચુઅલ બેઠક મળી હતી.**



પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શનથી તા.૦૯ એપ્રિલ શુક્રવારના રોજ પ્રદેશ યુવા મોરચાના નવનિયુક્ત અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ યુવા મોરચાની વર્ચુઅલ બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાની ટીમ, પ્રદેશ યુવા મોરચા સેલ ના કન્વીનર, સહકન્વીનર તેમજ જીલ્લાના પ્રભારી, સહપ્રભારી અને જીલ્લાના યુવા મોરચાના પ્રમુખ, મહામંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ યુવા મોરચાના નવનિયુક્ત અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટે બેઠકને સંબોધતા કહ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વેક્સિનેશન ડ્રાઇવને એક મહોત્સવ તરીકે ઉજવવાનું આહ્વાન કર્યું છે. તે અંતર્ગત પ્રદેશ યુવા મોરચા દ્વારા ગુજરાતભરમાં તા. ૧૧ એપ્રિલ જ્યોતિબા ફુલે જન્મ જયંતિથી લઈ તા. ૧૪ એપ્રિલ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ સુધી યુવા મોરચા દ્વારા સમગ્ર ગુજરાતમાં વેક્સિનેશન મહોત્સવ ઉજવાશે. આ મહોત્સવમાં ૪૫ વર્ષની વય ધરાવતા તેમજ તેથી વધુ વયના લોકોનો સંપર્ક કરી યુવા મોરચાના કાર્યકર્તાઓ વેક્સિનેશન સેન્ટર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરશે. ૧૪મી એપ્રિલ બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે યુવા મોરચા દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાર્પણ કરશે. તે દિવશે હોસ્પિટલોમા દર્દીઓને ફ્રૂટ વિતરણ કરાશે. પદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાએ યુવા મોરચાના પદાધિકારીઓને સંગઠનાત્મક સમજ આપતા કહ્યું હતું કે, કાર્યકર્તા પદએ એક એવું પદ છે જેના પરથી કાર્યકર્તા ઈચ્છે નહીં ત્યાં સુધી એ પદ પરથી કોઈ મુક્ત નથી કરી શકતું. યુવા મોરચોએ પાર્ટીનો પાયો છે. કોરોનાની વિકટ પરિસ્થિતિમાં યુવા મોરચા દ્વારા વધુમાં વધુ લોકોને વેક્સિન આપી શકાય તે દિશામાં કાર્ય કરવું જોઈએ. પ્રદેશ યુવા મોરચાના નવનિયુક્ત અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટની અધ્યક્ષતામાં આ પ્રથમ બેઠક યોજાઈ હતી. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ મેમ્બરથી લઈ રાજકોટ જીલ્લા યુવા મોરચાના પ્રમુખશ્રી, પ્રદેશ યુવા મોરચા એન્ટરપ્રિનયરશીપ સેલના કન્વીનર તથા પોરબંદરના યુવા મોરચાના પ્રભારીશ્રી તરીકેની જવાબદારીઓનું વહન કરતાં કરતાં યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષની જવાબદારી તેઓના શિરે આવી છે.

## કોરોનાના વધતા જતા કેસો સામે આજથી ત્રણ દિવસ માટે ડેડીયાપાડા સ્વયંભૂ સજ્જડ બંધ



રાજપીપલા, તા ૧૦

નર્મદા જિલ્લામા કોરોનાના કેસો સતત વધતા જતા હોઈઆજથી શનિ રવિ સોમવાર ત્રણ દિવસ દેડીયાપાડાહક્ક બજારો બંધ રાખવાનો નિર્ણય દેડીયાપાડા વેપારી મંડળ દ્વારા લેવાયો હતો. જેના ભાગ રૂપે આજેડેડીયાપાડા સ્વયંભૂ સજ્જડ બંધ રહ્યું હતું. શનિવારે વેપારી મંડળે દેડીયાપાડાની જાહેર જનતાને જણાવ્યુ હતું કે કોરોના મહામારીને ધ્યાનમાં લઈ દેડીયાપાડા વેપારી મંડળ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે તા.૧૦/૦૪/૨૦૨૧ શનિવારથી તા.૧૨/૦૪/૨૦૨૧ સોમવાર સુધી સતત ત્રણ દિવસ દેડીયાપાડા બજાર બંધ રાખવામાં આવશે. ત્યાર બાદ પરિસ્થિતીને ધ્યાનમાં રાખી બજાર ખોલવામાં આવશે. જેની સર્વે ગ્રામજનો તથા વેપારીમિત્રોને જાણ કરતા આજથી ત્રણ દિવસમાટે લોકોએ બજારો હવે બંધ રાખ્યા હતા જોકે દૂધ, મેડિકલ જેવી આવશ્યક સેવાઓ ચાલુ રહી હતી. ગઈકાલે ડેડીયાપાડા મા ૪અને અને તાલુકામાં કૂલ ૬ કેસ નોંધાયા હતા. જે ચિંતાનો વિષય બન્યો હતો જયારે આજે સાગબારા તાલુકાના પાટ ગામે આજરોજ કોરોના નું ટેસ્ટિંગ કરતા ૧૨૭ વ્યક્તિમાંથી ૪૦ વ્યક્તિઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આમ સાગબારા તાલુકો પણકોરોનની લપેટમાં આવી ગયો છે. જીલા મા રોકેટ ગતિએ વધતા જતા કોરોના ના કેસો સામે લોકો જાહેરમાં બહાર ન નીકળે એવી પણ અપીલ થઈ હતી

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

### દીન ૫ માં ખુલાસો સાથે રૂબરૂ હાજર નહીં થાય તો સરકારી સેવા માંથી બરતરફ કરવાની આખરી નોટિસ ફટકારી.

# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ નર્મદા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા દેડીયાપાડા સાગબારા તાલુકાના ચાર શિક્ષકોને નોટિસ.

રાજપીપળા,તા.૧૦

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ નર્મદા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા દેડીયાપાડા, સાગબારા તાલુકાના ચાર શિક્ષકોને તેમની ફરજ ઉપર ઘણા લાંબા સમયથી બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેતા હોય વારંવાર નોટિસ પાઠવવા છતાં કોઈ જવાબ ન આપતા પ્રાથ.જિલ્લા શિક્ષણ અધિકારીની લાલ આંખ કરી નોટિસ ફટકારી છે. જેમાં દીન ૫ માં ખુલાસો સાથે રૂબરૂ હાજર નહીં થાય તો સરકારી સેવા માંથી બરતરફ કરવાની આખરી નોટિસ ફટકારી ચીમકી આપતા શિક્ષકોમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી જયેશ પટેલે જારી કરેલા નોટિસમાં જણાવ્યું છે કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ નર્મદા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં વિદ્યાસહાયકોની શિક્ષકો તેમની ફરજ પરથી ઘણા લાંબા સમયથી બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેલ છે.તેઓને સંબંધિત શાળાના મુખ્ય શિક્ષક અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ની કચેરી દ્વારા ફરજ પર હાજર થવા જાણ કરેલ છે. ઉપરાંત કચેરી દ્વારા નોટિસ આપી ફરજ નિષ્ઠાનો અભાવ બેદરકારી અને બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ અમલમાં બંધારણ વલણ દાખવવા સરકારી સેવામાં તરફ કેમ નહીં કરવા ? તે અંગે ખુલાસો આપવા સુધી અવાર-નવાર નોટિસ તેમ જ તેમના સેવાપોથીમાં દર્શાવેલ રહેઠાણના સરનામે મોકલવા છતાં કોઈ પ્રત્યુત્તર મળેલ નથી.

જેથી અધિકારીના રૂબરૂમાં દીન પાંચમાં લેખિત નિવેદન ખુલાસો સાથે રૂબરૂ હાજર થવા ફરમાન કર્યું છે.જો નિયત સમયમાં હાજર નહીં થાય તો સંબંધિત કર્મચારીઓને સરકારી નોકરીની જરૂર નથી અને પોતે કંઈ કહેવા માંગતા નથી કે ફરજ ઉપર હાજર થવા માંગતા નથી, તેમ માની એક તરફી નિર્ણય લઈ સરકારી સેવામાં થી બરતરફ કરવામાં આવશે એવી આખરી નોટિસ ફટકારતાં ગુલ્લેબાજ શિક્ષકોમાં ફફડાટ ફેલાયો છે.

આચાર શિક્ષકોમાં ૧)ચૌધરી હર્ષાબેન ડાહ્યાભાઈ પ્રાથમિક શાળા, મોવી તા. સાગબારા (વતનનું સરનામું ચૌધરી હર્ષાબેન ડાહ્યાભાઈ બ્લોક નંબર ૧૮૨/ ૩ ચ ટાઈપ સેક્ટર ૩૦ જિ.ગાંધીનગર )તથા ૨)ટેલર દિપીકાબેન ધનસુખભાઈ પ્રાથમિક શાળા ભાદોડ તા. સાગબારા (વતનનું નામ લાલચંદ સ્કુલની સામે મહાત્મા ગાંધી રોડ ઘર નંબર ૧૨૮૮ બીલીમોરા જી.નવસારી)૩. પટેલ યોગેશ મકાનજી સોરતા તા.સાગબારા મૂળ વતન મુપો. ખરોલી. તા.ચીખલી જી.નવસારી)૪ તથા પટેલ દેવેન્દ્રભાઈ નટવરભાઈ માથાસર, તા.દેડીયાપાડા (મૂળ વતન, અરંજણવાવ તા. બાયડ જી.અરવલ્લી )સામે નોટિસ ફટકારી છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

### બોરીદ્રા ગામે ૩૦૦થી વધુ બાળકોને ઉનાળામાં ચંપલોનું વિતરણ

## નર્મદા જિલ્લામાં ગરમીની મોસમમા ઉઘડપગાં ગરીબ જનો માટે ખુલી પગરખાની પરબ



રાજપીપળા, તા.૧૦

હાલ નર્મદા જિલ્લામાં ગરમીની મોસમ ચાલી રહી છે.એક તરફ આકરો તાપ પડી રહ્યો છે.તો બીજી તરફ કોરોનાની મહામારી ચાલી રહી છે.નર્મદા જિલ્લો આદિવાસી વિસ્તાર છે.અરે એવા પણ ઘણા પરિવારો છે ગરીબ પરિવારો છે પગમાં ચંપલ નસીબ નથી,જ્યારે નાંદોદ તાલુકાના માંગરોળ ગામના સેવાભાવી સામાજિક કાર્યકર નરેન્દ્રભાઈ પ્રજાપતિ કેટલાક વખતથી વગર ખાલી પરબ શરૂ કરી છે. લોકો ગરમીમાં પરબ શરૂ કરે છે.

તેમાં મહેન્દ્રકાકાએ પરબ શરૂ કરી છે અને નર્મદા જિલ્લામાં અન્ય વિસ્તારમાં શાળાઓમાં કર્યા વિસ્તારોમાં પાસે ચંપલ નથી પલકે પગાર નથી બાળ પગાર ચાલે છે.મહેન્દ્રકાકાના પગલા છે ગ્રામ્ય વિસ્તારમાં જાય છે વિનામૂલ્યે આપે છે. અત્યાર સુધી હજારો લોકોને ઉનાળામાં પગરખાની પરબના માધ્યમથી મહેન્દ્રકાકા શાળાઓ સ્કૂલોમાં બાળકોને ચંપલનું વિતરણ કર્યું છે. હમણાં નાંદોદ તાલુકાના બોરીદ્રા ગામે નાના બાળકો માટે ૩૦૦થી વધુ ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં શાળાના આચાર્ય અનિલભાઈ મકવાણાના સહયોગ શેરીએ શેરીએ જઈને બાળકોને ચંપલોનું વિતરણ કર્યું હતું.

પગરખાની પરબના દાતા મહેન્દકાકા દ્વારા સેવાનું ઝરણું કાર્યક્રમ હેઠળ બોરિદ્રાના ૩૦૦ જેટલા ગામલોકો અને બાળકોને દાતા મહેન્દ્રભાઈ પ્રજાપતિ તરફ થી તમામ જરૂરિયાતોને ચંપલ વિતરણ કરવામાં આવ્યું હતું .કોરોના જેવી વૈશ્વિક મહામારી સમયે સરકારના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરીને બાળકોને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યું હતું.ઉનાળાની ગરમીમાં જે બાળકો પાસે ચંપલ નહોતા. તેમને ચંપલ મળતા બધાને ખૂબ જ રાહત લાગણી અનુભવી હતી .

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપળા

# લીલીયાના લોકા ગામના ૧૦૩ વર્ષીય વૃદ્ધાએ કોવીડ-૧૯ વેક્સીન લીધી

અમરેલી, તાઃ ૯ એપ્રિલ ૨૦૨૧


કોરોનાની મહામારીમાં પોતે અને પરિવારને સુરક્ષિત કરી સરકાર અને કર્મયોગીઓના રસીકરણના સેવા યજ્ઞને સાર્થક કરવા સમગ્ર અમરેલી જિલ્લામાં વેક્સિનેશનની કામગીરી મિશન મોડમાં ચાલી રહી છે ત્યારે અમરેલીના લીલીયા તાલુકાના લોકા ગામે ૧૦૩ વર્ષીય વૃદ્ધાએ વેક્સીન લઇ અન્ય લોકોને પ્રેરણા આપી હતી.



લીલીયાના ઇન્ચાર્જ મામલતદાર શ્રી હેમાંગ સિદ્ધપરા આ અંગે વધુ વાત કરતા જણાવે છે કે લીલીયાના લોકા ગામના ઉપસરપંચશ્રીએ પોતાના ૧૦૩ વર્ષીય દાદીમાં ફુલબાઈબેન જીવરાજભાઈ વાડદોરીયાને કોવીડ-૧૯ પ્રતિરોધક વેક્સીન અપાવી અન્ય માટે પ્રેરણારૂપ બન્યા છે. વધુમાં મામલતદારશ્રીએ ઉમેર્યું હતું કે રસી એકદમ સુરક્ષિત છે અને રસી લેવાથી કોઈ પ્રકારની આડઅસર નથી અને કોરોનાની ગંભીર અસરથી પણ રક્ષણ મળે છે. કોરોના સામે પ્રતિકાર કરી શકાય છે. સમગ્ર અમરેલી જિલ્લાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ તેમજ સમાજ શ્રેષ્ઠીઓ, આગેવાનોએ પણ રસી મુકાવી છે. લોકોના સહયોગથી અમરેલી જિલ્લો રસીકરણની કામગીરીમાં નોંધપાત્ર કામગીરી કરી રહ્યો છે ત્યારે આ ઝુંબેશમાં સહભાગી થવા ૪૫ વર્ષથી ઉપરના તમામ લોકોને અપીલ કરવામાં આવી છે.

નોંધનીય છે કે જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી તેજસ પરમાર અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જે. એચ. પટેલના માર્ગદર્શન અને સંકલનમાં આ કામગીરી લોકોના અને સંસ્થાઓના સહયોગથી પુરજોશમાં આગળ ધપી રહી છે. અમરેલીના વિવિધ રસીકરણ કેન્દ્રોમાં ૪૫ વર્ષથી વધુ વયના લોકો માટે રસીકરણની કામગીરી ચાલુ છે તો દરેકને વહેલામાં વહેલી તકે વેક્સીન લઇ લેવા આરોગ્ય તંત્ર દ્વારા અપીલ કરવામાં આવે છે. રિપોર્ટર..... ભરતભાઈ ખુમાણ અમરેલી


અનાવિલ અવસાન / શ્રદ્ધાંજલિ



જન્મ : ૧૦-૧૦-૫૦

મૃત્યુ : ૦૭-૦૪-૨૧

પ્રકાશભાઈ ચંદ્રવદન દેસાઈ

દિહેણ પરિવાર નો મોભ તુટ્યો
યુનિ.બેંક પરિવારનો આધાર ગયો
વ્રજધામ વડીલ પરિવાર નો સનિષ્ઠ કાર્યકર્તા ગયો
અમારું સર્વસ્વ ગયું
વાતાવરણમાં મહેકતી સેવાની સુવાસથી
અમે ઝંઝાવત સામે તમારી જેમ ટકી રહીશું.

એડ.વર્ષાબેન પ્રકાશભાઈ દેસાઈ
ગ્રાહક સુરક્ષા સેવા સંસ્થા

જિજ્ઞા એ. દેસાઈ
ડ્રીમ હોલીડેઝ
આશિષ બી. દેસાઈ
દેસાઈ ટેક સોલ્યુશન
રૂચિર પી. દેસાઈ (ઓસ્ટ્રેલિયા)
પુનમ આર. દેસાઈ (ઓસ્ટ્રેલિયા)
વિજય સી. દેસાઈ
વિભા વી. દેસાઈ


### સાહેનૂરબીબી પઠાણે મજબૂત વિપક્ષની ભૂમિકા ભજવવાની ખાતરી આપી

# રાજપીપળા નગરપાલિકામાં ભાજપની યુવા પ્રમુખની ટીમ સામે હવે નર્મદા કોંગ્રેસ યુવા શિક્ષિત મહિલાને વિપક્ષ નેતા બનાવી

## વિકાસના કામોમાં કોઈ ગેરરીતી થશે તો અવાજ ઉઠાવશે, એ માટે કોઈ બાંધછોડ નહી કરવા ખાત્રી આપી.



રાજપીપલા, તા.૧૦

રાજપીપળા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભારે રસાકસી બાદ ૨૮ બેઠકો માં ભાજપે ૧૬ કોંગ્રેસે ૬ અને અપક્ષના ઉમેદવારો સાથે ભાજપે બહુમતી સાથે સત્તામાં છે.આમ તો બહુમતીમાં હોવા છતાં કોંગ્રેસના સદસ્ય સત્તાધારી પક્ષને અંદરખાનેથી સપોર્ટ કરી રહ્યા છે.ત્યારે જીતા વોર્ડ નં. ૫ થી વિજેતા બનનાર લઘુમતી સમાજના યુવા મહિલા સદસ્ય કોંગ્રેસ પક્ષમાંથી પોતાના વોર્ડમાંથી સૌથી વધુ માટે કોંગ્રેસ માંથી ચૂંટાયા હતા.અને હવે નર્મદા કોંગ્રેસના જિલ્લા પ્રમુખ હરેન્દ્ર વાળદે સાહેનૂરબીબી શાહરુખ ખાન પઠાણને ચૂંટાયેલા કોંગ્રેસના સદસ્યો માંથી કોંગ્રેસ પક્ષના નેતા તરીકે વરણી કરી છે.

કોંગ્રેસે હાલ વિપક્ષની ભૂમિકામાં કોઈ રાજપીપળા નગરપાલિકા ખાતે કોંગ્રેસ પક્ષના નેતા તરીકે કોંગ્રેસ પક્ષે નિયુક્ત કરી જે નિમણૂકની જાન રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસરને કરી હતી.

આ અંગે એક પત્રકાર પરિષદ બોલાવી હતી જેમાં ઉપસ્થિત કોંગ્રેસ પાર્ટીના માઈનોરીટી સેલ ના પ્રદેશના કાર્યકારી પ્રમુખ ઈમ્તિયાઝ અલી કાદરીની ઉપસ્થિતિમાં સાહેનૂરબીબી કોંગ્રેસ પક્ષના નેતાઓ અને કાર્યકરોએ સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી.

રાજપીપળા નગરપાલિકાના વિપક્ષ નેતા મોરબી પઠાણ મજબૂત વિપક્ષની ભૂમિકા ભજવવાની ખાતરી આપી હતી.અને વિકાસના કામોમાં કોઈ ગેરરીતિ હશે તો અવાજ ઉઠવશે.એ માટે કોઈ બાંધછોડ નહીં કરવાની ખાતરી આપી હતી. અને જણાવ્યું હતું કે ક્યાંય ભ્રષ્ટાચાર થવા નહીં દઉં ભલે હું વોર્ડ ૫ ની સભ્ય આવું પણ તમામ વોર્ડની જનતાને પ્રશ્નો ઉકેલવા બાદ ચોક્કસ પ્રયાસ કરીશ.

જ્યારે આ બાબતે પ્રદેશ માઈનોરિટીસેલના કાર્યકરી અધ્યક્ષ ઈમ્તિયાઝ અલી કાદરી એ જ હતું કે આજે પ્રદેશ કોંગ્રેસ અને જિલ્લા કોંગ્રેસ દ્વારા મારી દીકરીને જે ટિકિટ આપી અને વિજેતા બન્યા બાદ વિપક્ષી નેતાની જવાબદારી સોંપી છે. જે બદલ ખુબ આભારી છું.સાથે વિપક્ષ નેતા તરીકે મારી દીકરી સુંદર કામગીરી કરશે નગરમાં કોઈપણ પ્રશ્ન હોઈ પ્રજાના પ્રશ્નો માટે સતત પ્રવૃત્તિશીલ રહેશે એ વાત ચોક્કસ થશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા


ટેલીફોનીક બેસણું



સ્વ. રાજેશભાઈ ગૌરીશંકર વ્યાસ
અવસાન તા.૧૦-૦૪-૨૦૨૧, ફાગણ વદ-૧૪, શનિવાર

દિલગીરી સાથે જણાવવાનું કે
શ્રી રાજેશભાઈ ગૌરીશંકર વ્યાસ સંવત ૨૦૭૭ ના ફાગણ વદ-૧૪ (ચૌદશ)
તા. ૧૦-૦૪-૨૦૨૧ ને શનિવાર ના રોજ કૃષ્ણ શરણ પામ્યા છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેમનું સદ્‌ગતનું ટેલિફોનીક બેસણું
તા. ૧૨-૦૪-૨૦૨૧, સોમવાર ના રોજ સવારે ૧૦-૦૦ થી
૧૨-૦૦ કલાકે રાખેલ છે. (આપની એક ફોન કે મેસેજ રૂબરૂ મલ્યા તુલ્ય છે.)
વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

નવીનભાઇ ગૌરીશંકર વ્યાસ Mo. 94269 12802
દિનેશભાઇ ગૌરીશંકર વ્યાસ Mo. 91060 82331
ભરતભાઇ નવીનચંદ્ર વ્યાસ Mo. 94269 44277
ધર્મેશભાઇ નવીનચંદ્ર વ્યાસ Mo. 94268 50026
દિપકભાઇ દિનેશભાઇ વ્યાસ Mo. 94282 38380


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK